
# દ્વાર થી દ્વારકા સુધી



શ્રી કે.કે.ભેદરૂ (ભગત)
ચરીટેબલ ટ્રસ્ટ, લાખણી.


જય શ્રી કૃષ્ણ

સંયોજક

શ્રી એલ.કે. પટેલ

મુ.પો.તા. લાખણી

જિ:- બનાસકાંઠા

પિન: 385535

મો.નં: 9428136391
8469798179

સંકલન

# સી. ડી. એચ. ચૌધરી

મુ: મેઘાચાલિયારસણા

તા: વિસનગર

જિ: મહેસાણા

પ્રાથમિક શિક્ષક:

મુ: ભાચરમોટી

તા: દાંતીવાડા

જિ: બનાસકાંઠા

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ |
|---|---|---|
| 1 | સંસ્થા વિશે | 3 |
| 2 | પ્રથમ પગપાળા યાત્રા - 2008 | 12 |
| 3 | બીજી પગપાળા યાત્રા - 2009 | 16 |
| 4 | ત્રીજી પગપાળા યાત્રા - 2010 | 19 |
| 5 | ચોથી પગપાળા યાત્રા - 2011 | 22 |
| 6 | પાંચમી પગપાળા યાત્રા - 2012 | 26 |
| 7 | છઠ્ઠી પગપાળા યાત્રા - 2013 | 34 |
| 8 | હરિદ્વાર પ્રવાસ યાત્રા - 2014 | 38 |
| 9 | સાતમી પગપાળા યાત્રા - 2014 | 41 |
| 10 | અમરનાથ યાત્રા - 2015 | 45 |
| 11 | આઠમી પગપાળા યાત્રા - 2015 | 48 |
| 12 | અમરનાથ યાત્રા - 2016 | 51 |
| 13 | નવમી પગપાળા યાત્રા - 2016 | 55 |
| 14 | દસમી પગપાળા યાત્રા - 2017 | 58 |

# 80-G પ્રમાણિત સંસ્થાના

રજી. નં. ઈ/5797/ બનાસકાંઠા
તારીખ:- 30/06/2014


## ચૌધરી કાળાભાઈ ખેતાભાઈ ભેદરૂ (ભગત) ચેરીટેબલ ટ્રસ્ટ લાખણી

મુ.પો:- લાખણીના

તા:- લાખણી

જિ:- બનાસકાંઠા -385535 (ઉ.ગુ)

મો.નં.:- 9428136391 8469798179



### :સંસ્થાના પ્રમુખ:

નામ:- શ્રી લાલજીભાઈ કાળાભાઈ પટેલ
લાયકાત:- B.com, L.L.B, G.D.C.&A.

### :સરનામુ:

29, ગણપતિ ટ્રેડીંગ કું. ગંજબજાર લાખણી
હોદ્દો:- પ્રમુખ:- કે.કે. ભેદરૂ ટ્રસ્ટ, લાખણી
ચેરમેન:- શિવનગર મંડળી લાખણી-2010
ઓડિટર:- જિલ્લા રજીસ્ટાર પ્રમાણિત:-2008
મેનેજર:- દી અર્બુદા કે. કો. ઓ. સો. 2000
એજન્ટ:- એલ. આઈ. સી. ZM CLUB 2007
સભ્યશ્રી:- IQSC CELL GOVT. COLLEGE THARAD
સંપર્ક નં:- 9428136391, 8469798179

Email id:- laljibhaipatel5@gmail.com
website:- KKbhedru.org


દ્વારકા શહેર ગુજરાત રાજ્યમાં સૌથી અગ્રણી યાત્રાધામોના એક આનર્ત/ઓખામંડળ પ્રદેશ તરીકે પ્રસિદ્ધ થયું છે. આ શહેર ને એક પવિત્ર યાત્રાધામ તરીકે ગણવામાં આવે છે. અહીં ઘણાબધા યાત્રાધામો આવેલા છે. દ્વારકા મહાન ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવે છે. અને તે ભગવાન શ્રી કૃષ્ણના આદેશથી વિશ્વકર્મા દ્વારા બાંધવામાં આવ્યું હતું. 3138 બી.સી.ની આસપાસ આ શહેર પાણીમાં ડૂબી ગયું હતું. તેવું માનવામાં આવે છે. પરંતુ ત્યારબાદ પુરાતત્વીય સ્થાપકોની મદદથી આ શહેરનો ફરી વિકાસ થયો અને અસ્તિત્વમાં આવ્યું.

દેવભૂમિ દ્વારકા તાઃ- 15 મી ઓગસ્ટ 2013 ના રોજ જામનગરમાંથી વિભાજન થઈ. નવરચિત દેવભૂમિ દ્વારકા જિલ્લાની શરૂઆત થઈ. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 4 (ચાર) તાલુકા આવેલા છે. ભાણવડ, જામખંભાળિયા, ઓખામંડળ દ્વારકા અને કલ્યાણપુર. ભાણવડમાં પૌરાણિક આશાપુરા મંદિર, નવલખો મહેલ, તથા સૂર્ય મંદિર ઘુમલી ખાતે આવેલ છે. ઉપરાંત ભાણવડમાં ઇન્દ્રેશ્વર મહાદેવ, ધીંગેશ્વર મહાદેવ, શનિદેવ, સોનકંસારી, વિકિયા વાવ, જેવા જોવાલાયક સ્થળ છે. કલ્યાણપુરમાં ઘણાબધા વિન્ડફાર્મસ આવેલા છે.

દ્વારકા ભારતના ચાર પવિત્ર ધામોમાંનું એક પવિત્ર ધામ છે. તે સૌરાષ્ટ્રના પશ્ચિમ કાંઠે આવેલું છે. આ નગરી ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા નિર્માણ પામેલ છે. શ્રી કૃષ્ણએ બનાવેલ આ નગરી ડૂબી જતાં તેમના પ્રપૌત્ર વજ્રનાભે નજીકમાં એક ઊંચી જગ્યાએ પોતાને પૂર્વજોને નામે સાત મંદિરો બંધાવ્યા. (1) અનિરુદ્ધજી (2) પુરુષોત્તમજી (3) દેવકીજી (4) વેણીમાધવ (5) બલરામજી વગેરે દેવસ્થાનોનો સમાવેસ થાય છે. આ ઉપરાંત છેલ્લાં 500 વર્ષની અંદર બંધાયેલ સુદામા મંદિર, ગાયત્રી મંદિર, શારદાપીઠ, તથા અંબાજી, સરસ્વતી વગેરેનાં મંદિરો અહીં આવેલા છે. આ મંદિરોની કોતરણી ખૂબજ આબેહૂબ છે. આ પ્રાચિન મંદિરને લગભગ તેની શરૂઆતના સમયથી જ રાજા અને સામાન્ય પ્રજા દ્વારા મદદ મળેલ છે.

ગોમતીનદી આ મંદિરની પાસે થઈને વહે છે. સ્વર્ગદ્વાર અને મોક્ષદ્વાર તરીકે ઓળખાતાં મુખ્ય બે દ્વારો પૈકીના પ્રથમ દ્વારથી ગોમતી તરફ ઉતરતાં 56 પગથિયાની સીડીની બંને બાજુએ તેમજ ગોમતીકાંઠે અનેક બીજા મંદિરો આવેલાં છે. જન્માષ્ટમી, દિવાળી, હોળી, ધૂળેટીના તહેવારોમાં અહીંયા મેળા ભરાય છે. બેટ શંખોદ્ધારનું તીર્થ અહીંથી કિ.મી. દૂર સમુદ્રની વચ્ચે આવેલ છે.

દ્વારકા પહોંચવા માટે અહીંનું સૌથી નજીકનું હવાઈ મથક જામનગર છે. આ સિવાય તમે રેલ દ્વારા પણ જઈ શકો છો. દ્વારકા જામનગરથી 132 કિ.મી.ના અંતરે આવેલ છે. બસ દ્વારા પણ અહીં પહોંચી શકાય છે. ગુજરાતના જુદા-જુદા ભાગોમાંથી અહીં જવા માટે રાજ્ય પરિવહનની બસો અને લકઝરી બસો પણ મળી રહે છે.






જય ભાવનગરશો?

શ્રી દ્વારકાધીશ મંદિરનો દર્શનનો સવારનો સમય:-

7:00 કલાકે મંગળા આરતી
7:00 થી 8:00 મંગળા દર્શન
8:00 થી 9:00 અભિષેક પૂજા (સ્નાનવિધિ) દર્શન બંધ
9:00 થી 9:30 શ્રુંગાર દર્શન
9:30 થી 9:45 સ્નેહભોગ : દર્શન બંધ
9:45 થી 10:15 શ્રુંગાર દર્શન
10:15 થી 10:30 શ્રુંગાર ભોગ : દર્શન બંધ
10:30 થી 10:45 શ્રુંગાર આરતી
11:05 થી 11:20 ગ્વાલ ભોગ દર્શન બંધ
11:20 થી 12:00 દર્શન
12:00 થી 12:20 રાજભોગ દર્શન : બંધ
12:20 થી 12:30 દર્શન
12:30 થી અનોસર દર્શન બંધ

શ્રી દ્વારકાધીશ મંદિરનો દર્શનનો સાંજનો સમય:-

5:00 થી ઉથાપન પ્રથમ દર્શન
5:30 થી 9:45 ઉથાપન ભોગ દર્શન બંધ
5:45 થી 7:15 દર્શન
7:15 થી 7:30 સાંધ્ય ભોગ : દર્શન બંધ
7:30 થી 7:45 સાંધ્ય આરતી
8:00 થી 8:10 શયન ભોગ : દર્શન બંધ
8:10 થી 8:30 દર્શન
8:30 થી 8:35 શયન આરતી
8:35 થી 9:00 દર્શન
9:00 થી 9:20 બંટા ભોગ અને શયન : દર્શન બંધ
9:20 થી 9:30 દર્શન

જય શ્રી દ્વારકાધીશ

સત્ય ક્યારેય પરાજિત થતું નથી.



સત્ય ફેલાવ

શ્રી કૃષ્ણ હંમેશા સત્ય તથા કર્મના માર્ગ પર ચાલ્યા ........

શ્રીકૃષ્ણના નામ જે રૂપ, ગુણ અને કર્મ મુજબ પડયા તેની યાદી:-

કૃષ્ણ:- ~~> ગોપાલ ~~> ચિત્તચોર
રણછોડ: ~~> ગિરિધર ~~> માખણચોર
કેશવ ~~> દામોદર ~~> ગોવર્ધન નાથજી
માધવ ~~> જગત્પતી ~~> ગિરિરાજ ધારણ
બંસીધર ~~> હરિહર ~~> ગોવિંદ
મુરલીધર ~~> મોહન ~~> પુરૂષોત્તમ
મધુસુદન ~~> નારાયણ ~~> જનાર્દન
વલ્લભ ~~> ઇન્દ્રદમન ~~> નાગદમન
ઘનશ્યામ ~~> પરમાનંદન ~~> નીલેશ
વાસુદેવ ~~> દેવકીનંદન ~~>
રસિયા ~~> યાદવ ~~>

જય ગિરધારી

ફકરા



ભય ગોપાલ

# ચાલો, દ્વારકાધીશકા બુલાવા આયા હૈ.....

શ્રી દ્વારકાધીશ પગપાળા યાત્રાથી ધજા આરોહણ વિધિ કાર્યક્રમ સુધીની એક ઝાંખી.........

શ્રી ડી.કે. સેતક ચેરીટેબલ ટ્રસ્ટ લાખણી આયોજિત શ્રી દ્વારકાધીશ પગપાળા યાત્રા સંઘ દ્વારા દર પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ દેવભૂમિ દ્વારકા ખાતે ભવ્ય દ્વારકાધીશ ધજા આરોહણ કાર્યક્રમ કરવામાં આવે છે. તેની આછી ઝલક વિગતે નિહાળીએ......

શ્રી દ્વારકાધીશ પગપાળા યાત્રા સંઘની શરૂઆત જાન્યુઆરી - 2008 થી કરી......

શ્રી દ્વારકાધીશ પગપાળા યાત્રા સંઘ આમંત્રણ

~~> શ્રી કુળદેવતા : ઘરે....
~~> શ્રી હિંગળાજ માતાજી....
~~> શ્રી જકેશ્વર મહાદેવ....
~~> શ્રી ધરણીધર ભગવાન : ઢીમા....
~~> શ્રી ગાયત્રી માતાજી : ઢીમા....
~~> શ્રી દ્વારકાધીશ ભગવાન : દ્વારકા....

શ્રી દ્વારકાધીશ પગપાળા યાત્રા તથા ધજા આરોહણ વિધિ કાર્યક્રમના ઉદ્દેશો :-

~~> શૈક્ષણિક
~~> સામાજિક એકતા
~~> સંગઠિતતા
~~> મિત્ર ભાવના, સમૂહ ભાવના
~~> સદ્ભાવના
~~> ધાર્મિકતા
~~> નશા મુક્ત સમાજ



~> નિત્ય સાધના (દાર સભા)
~> સંયમ
~> પ્રામાણિકતા
~> સહકાર
~> વિશ્વ કલ્યાણની ભાવના
~> સુદામા, મીરાબાઈ, ધનાભગત, અજમલજી, નરસિંહ મહેતા વગેરેના જીવન ચરિત્રમાંથી ઉપદેશ...
~> ભક્તિરંગની ભાવના
~> પ્રકૃતિથી દર્શનયોગ
~> ભક્તિમાર્ગથી જ્ઞાનમાર્ગ પહોંચી આત્મા-પરમાત્માનો સુખદ અનુભવ....
~> નમ્રતા, સહનશીલતા, ધૈર્ય જેવા શ્રેષ્ઠ ગુણોનો વિકાસ...
~> સ્વ પરિવર્તનથી વિશ્વ પરિવર્તન થાય...
~> અસમાનતા દૂર થાય....
~> પરસ્પર સંબંધોમાં વિશ્વાસ પેદા થાય...
~> જ્ઞાન સુગંધ ફેલાવનાર ગુલાબ બને....
~> સુખ, શાંતિ અને આનંદની અનુભૂતિ....
~> સકારાત્મક વિચારો
~> શાંતિદાન, ગુણદાન, શક્તિદાનથી સમૃદ્ધિ થાય...
~> કર્મ યોગી બને.....
~> પગપાળા પ્રવાસથી વિસ્તારની ભૌગોલિક, પ્રાદેશિક તથા ભાષા, રીત-રિવાજ, પહેરવેશ વગેરેથી પ્રવાસના માધ્યમથી વાકેફ થાય.....

જય.... રણછોડ




ગોવિંદ બોલો....

ગોપાલ બોલો.....

## —: શ્રી ગીતાજીનો પ્રારંભ :—

ગીતા એ સાચો જીવન ગ્રંથ છે. દિલથી વાંચીશું તો એની દરેક પંક્તિમાં પ્રભુનો અનહદ પ્રેમ જોવા મળે છે. તેમાં આંતરડું તોડીને કહેવાયું છે.

પ્રભુ પોતાના અંશ સમા જીવને પાસે બેસાડી પીઠ થાબડીને કહેવાયું છે કે પ્રયત્નવાદને ખૂબ જ મહત્ત્વ આપવું જોઈએ. આપણે જ આપણો ઉદ્ધાર કરવાનો છે. આપણે જ આપમેળે ઉભા થવાનું છે. થોડું ઘણું દુઃખ, વ્યથા, સહન કરવી પડે. તપ કરવું પડે. ઘસાઈ જવુ પડે. દુઃખ વગર સિધ્ધિ ન મળે.

### * સુષુપ્ત શક્તિનો પરહિત માટે ઉપયોગ :—

ગીતામાં કહ્યું છે. કે :- હે જીવ... તારી પાસે તો અમાપ ગુપ્ત શક્તિ પડેલી છે. તેનો હજારમો ભાગપણ તુ વાપરતો નથી. એવો તો તું કંજુસ છે. એ સુષુપ્ત શક્તિ આજે પડી... પડી... વેડફાઈ રહી છે. આપણે આળસથી ભરેલા છીએ. તેને આપણે અયોગ્ય માર્ગે વાપરી રહ્યા છીએ.. તેથી તે વ્યર્થ જાય છે. આથી આ શક્તિને નિઃસ્વાર્થ ભાવે પરહિત માટે અને યોગ્ય માર્ગે ઉપયોગમાં લેવી જોઈએ...

### * ખામીઓ દૂર કરો :—

ગીતાકાર કહે છે કે ભગવાન હું લાચાર જીવન જીવવા નથી જન્મ્યો. મારે તો ખામીઓ રહીત તેજસ્વી જીવન જીવવાનું છે. માટે મારા જીવનમાં જે ખામીઓ હોય તે દૂર કરો. પ્રભુ મારે તો સારા કાર્યો કરવા છે.

સારા કર્મો કરવા માટે મને લાયક બનાવો અને શક્તિ પ્રદાન કરો.


* શ્રી કૃષ્ણનો ભક્ત હંમેશા આનંદી :-

ભગવાનનો ભક્ત હંમેશા હસતો હોય છે. કારણ કે તે અનુભવતો હોય છે કે મારો ભગવાન મારી સાથે જ છે. ભગવાને આપેલી ગીતા આપણને ભાવમય બનાવશે આપણને નવી દૃષ્ટિ આપશે અને આપણું જીવન-બદલશે....

ભગવાનતો આપણને ગીતાનો સ્નેહ સંદેશ આપવા આવ્યા હતા. સુખમાં કે દુઃખમાં તેજસ્વી સત્વશીલ જીવન શી રીતે જીવવું એ માટે જ એમણે બધા જ પ્રકારના સુખ પણ ભોગવ્યા અને દુઃખો પણ અનુભવ્યા છતાં ભગવાન શ્રીકૃષ્ણ અચળ રહ્યા.

ભગવાનના કામો કરી જીવન તેજસ્વી અને સફળ બનાવીએ. ભગવાનના કામ માટે ઘસાઈએ ગીતા માટે લાયક થઈએ. સતત ગીતાનો અભ્યાસ કરી જીવનને તેજસ્વી બનાવીએ અને પ્રભુના લાડકા થઈને જીવન સફળ બનાવીએ....

જય મુરલીધર



રાધે.....

રાધે.....

ૐ નમઃ શિવાય



Jay Keshav

## -: પ્રથમ પગપાળા યાત્રા :- લાખણી થી દ્વારકા :

લાખણીથી દ્વારકા લગભગ 482 કિલોમીટરના અંતર પર આવેલુ છે. પ્રથમ પગપાળા યાત્રા તા:-01-01-2008થી તા:-12-01-2008 સુધી દિન-12 (બાર).....

આજ આનંદ સાથે તા:-01-01-2008ના સવારે 4:00 કલાકે શ્રી કુળદેવતા તેમજ શ્રી હિંગળાજ માતાજીના દર્શન કરી. આશીર્વાદ લઈ પગપાળા પ્રવાસની શુભશરૂઆત કરી. લાખણીથી નીકળી સવાણા, જીલડા, કાસિરવાડા, મેરા, અંબાસણા અને ત્યાંથી ભાભર પહોંચ્યા.. રાત્રી રોકાણ ખોડિયાર માતાજીના મંદિરમાં (રાધનપુર હાઈવે) રોકાયા.....

તા:-02-01-2008ને બીજા દીવસે સવારે વહેલા ઉઠી ત્યાંથી પગપાળા બેડા આવ્યા. ત્યાંથી તનવાડા, ઈન્દરવા અને ગઢામાં આવ્યા. બપોરે શ્રી ગોગાધામના મંદિરે બપોરનુ ભોજન લીધુ... ભોજન કર્યા બાદ ઝેકડા, સિંધાડા હાઈવે પર પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ કર્યુ. અને ભોજન લીધું....

તા:-3-01-'08 ને ત્રીજા દિવસે સવારે 5:00 કલાકે સાંતલપુર, ગરામડી અને ત્યાંથી રૂજુ પહોંચ્યા.. બપોર થવાથી ત્યાં ભોજન લીધુ અને આરામ કરી પછી આગળ નીકળ્યા. પીપરાળાથી કચ્છમાં પ્રવેશ કર્યો. આગળ ચાલતાં-ચાલતાં આડિસર આવી પહોંચ્યા. ત્યાં દિવસ આથમી જવાથી અમોએ રાત્રિ રોકાણ ત્યાં જ કરવાનું નક્કી કર્યુ. ત્યાં લોકનિકેતન છાત્રાલયમાં રોકાયા. ભોજન કરી રાતે સૂઈ ગયા....

તા:-04-01-2008ને ચોથા દિવસે વહેલા 5:15 કલાકે તૈયાર થઈ ચાલવાનું શરૂ કર્યુ. માખેલ, પલાસવા, અને ગાંગોદર પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. થોડો આરામ કરી ફરી ચાલવાનુ શરૂ કર્યુ. ધોરીયાળી, ભીમદીવા અને પછી આણાબા આવી પહોંચ્યા ત્યાં રાત્રી રોકાણ કર્યુ.

# મન હોય તો માળવે જવાય




તારા વિનાના પ્રવાસમાં
મને એકલવું
લાગે...

ભોજન લીધું અને આરામ કર્યો.

તા:- 05-01-2008 ને પાંચમા દિવસે સવારે વહેલાં તૈયાર થઈ સૂરજ બારી પુલ (સૌરાષ્ટ્ર પ્રવેશ) કર્યો ત્યાંથી હરિપુરા આવ્યા. હરીપુરા બપોરનું ભોજન લીધું. થોડા વિશ્રામ બાદ ચાલ્યા. સોનગઢ, બરારથી સરવડ પહોંચ્યા. સરવડમાં સતેશ્વર હનુમાનદાદાના મંદિરમાં રાત્રી રોકાણ કર્યું. ભોજન લીધું અને વિશ્રામ કર્યો.

તા: 06-01-2008 ને છઠ્ઠા દિવસે ઠંડા પહોરમાં તૈયાર થઈ: પગપાળા યાત્રા શરૂ કરી. પીપળીયાથી, ખારચીયા ત્યાંથી આમરણ પહોંચ્યા. આમરણમાં મેલડી માતાજીને મંદિરે બપોરનું ભોજન લીધું. થોડો વિશ્રામ કર્યો અને ફરીથી ચાલ્યા. જામ દુધઈ, ધ્રાર અને ત્યાંથી હાજમ ચોરો પહોંચ્યા. ત્યાં રાત્રી રોકાણ કર્યું. અને ત્યાં આવેલ ક્રિષ્ણા હોટલમાં ભોજન લીધું.

તા:-07:01:2008 ને સાતમા દિવસે વહેલા ઊઠીને પગપાળા ચાલવાનું શરૂ કર્યું. ચામુંડા, હડીયાણા સતી આશ્રમે પહોંચ્યા. ત્યાં વિશ્વનાથ શિવ મંદિરની જગ્યા સારી હોવાથી ત્યાં બપોરનું ભોજન લીધું. થોડો વિશ્રામ કરી પાછા ચાલવાનું શરૂ કર્યું. અચાણા, બાલાછડી થી ખીજડીયા પક્ષી અભયારણ્ય આવી પહોંચ્યા. ત્યાં મહાદેવના મંદિરે રાત્રી રોકાણ કર્યું.

તા:-08-01-2008 ને આઠમા દિવસે સવારે 4:45 કલાકે ઊઠીને તૈયાર થઈ. આગળ ચાલવાનું શરૂ કર્યું. ધુવાવ, જામનગર એરપોર્ટ રોડ ઉપર રામદેવ મંદિરે બપોરનું ભોજન લીધું. થોડો આરામ પાછા ચાલ્યા. બેડ, છોટે હરિદ્વાર રાજબાપા તથા લાલબાઈ આશ્રમે પહોંચ્યા. ત્યાંથી ખાવડી, રિલાયન્સ કંપની પહોંચ્યા. ત્યાંથી માધાપરથી જોગવડ પહોંચ્યા. પંચમુખી હનુમાન દાદાના મંદિરે દર્શન કરી. ત્યાં રાત્રી રોકાણ કર્યું. ભોજન લીધું અને વિશ્રામ કર્યો.

તાઃ- 09-01-2008 ને નવમા દિવસે સવારે વહેલા ઉઠીને તૈયાર થઈને આગળ વધ્યા. પછી સીતારામ આશ્રમ આવ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી જામખંભાળિયા પહોંચ્યા. ત્યાંથી આગળ ખોડિયાર આશ્રમ એટલેકે દ્વારકા રોડ આવી પહોંચ્યા. ત્યાં રાત્રી રોકાણ કર્યું. ભોજન લીધું અને વિશ્રામ કર્યો.

તાઃ 10-01-2008 ને દસમા દિવસે વાત્રણાથી હંજરાપર આશ્રમે આવી પહોંચ્યા. બપોરનું ભોજન લીધું. આરામ કર્યો. ત્યાંથી લીમડીથી રામરોટી આશ્રમ જ્વાનપુરા ગામ આવી પહોંચ્યા. ત્યાં રાત્રી રોકાણ કર્યું. ભોજન લીધું. અને આરામ કર્યો.

તાઃ 11-01-2008 ને અગિયારમા દિવસે ફ્રેશ થઈ સૌરાષ્ટ્રની ધરા પર ચાલવાનું શરૂ કર્યું. લીમડીથી ગુરૂગઢ થી વાલા બાપાની વાડી આવી પહોંચ્યા. બપોરનું ભોજન લીધું. ત્યાંથી આગળ વરવડા આવી પહોંચ્યા. ત્યાંથી અમે દ્વારકા સાંજે આવી ગયા. ત્યાં રાત્રે અમે લુહાર સમાજની વાડી જે ગોમતીઘાટ કિનારે આવેલ છે. તેમાં રૂમ રાખી રાત્રી રોકાણ કર્યું. ભોજન લીધું અને આરામ કર્યો.

તાઃ 12-01-2008 ને બારમા દિવસે સવારે 5:00 કલાકે ઉઠીને ગોમતીનદીના પવિત્ર જળમાં સ્નાન કરી. પાપ ધોઈ ભગવાન દ્વારકાધીશના દર્શન માટે મોક્ષદ્વારેથી પ્રવેશ કર્યો. ભગવાન રણછોડજીના દર્શન કર્યા. અને દ્વારકાધીશના આશીર્વાદ લીધા. બાદમાં રૂક્ષ્મણિ માતાજીના દર્શન કર્યા. બપોરે યમુના હોટલમાં જમવાનું જમ્યા. ત્યાંથી અમે લાખણી આવવા રવાના થયા. આમ અમે પગપાળા સંઘની સને-2008 ની પ્રથમ યાત્રા બાર દિવસમાં પરિપૂર્ણ કરી લાખણી પરત ફર્યા.

જયઃ- ગિરધારી

*પ્રથમ પગપાળા યાત્રા સંઘની યાત્રાળું યાદી :-

શ્રી પટેલ લાલાભાઈ કાળાભાઈ

શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ

શ્રી પટેલ કાનજીભાઈ લલાભાઈ

શ્રી રાજપુત જેઠાભાઈ જોધાભાઈ

શ્રી પટેલ ઉમેદભાઈ રામાભાઈ

શ્રી પટેલ વિરાભાઈ ખેતાભાઈ

શ્રી પટેલ જીવાભાઈ ધુડાભાઈ

શ્રી પટેલ વિરમાભાઈ ત્રિકમભાઈ (મોઢેરા)

શ્રી પટેલ અમરાભાઈ કમાભાઈ

શ્રી પટેલ બાબરાભાઈ જેસુંગભાઈ

શ્રી પટેલ ઉમેદભાઈ પ્રેમાભાઈ (આસોદર)

શ્રી મહારાજ સરાભાઈ (કુચકવાડા)

શ્રી દેસાઈ વાંગાભાઈ (જસરા)

જય મુરલીધર

# બીજી પગપાળા યાત્રા :- લાખણીથી દ્વારકા

બીજી પગપાળા યાત્રા તાઃ- 24-11-2009 થી 2-12-09 સુધી દિન - ૯ (નવ)

આજ રોજ તાઃ- 24-11-2009 ને મંગળવારના સવારે 4:00 કલાકે શ્રી કુળદેવતા તેમજ શ્રી હિંગળાજ માતાજીના દર્શન કરી આશીર્વાદ લઈ પગપાળા પ્રવાસની સફર શરૂ કરી. લાખણીથી લવાણા, ચિલડા, કોતરવાડા, મેરા, ત્યાંથી સાતસર આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. સાતસરથી ઈદરવા આવી પહોંચ્યા. રાત પડી જતાં ડાકોરભાઈને ત્યાં રાત્રી રોકાણ અને ભોજન લીધું.

તાઃ 25-11-2009 ને બુધવારના બીજા દિવસે સવારે 3:15 કલાકે ઉઠીને તૈયાર થઈને ઈદરવાથી રવાના થયા. લુદરા, ઝુડાલા, ત્યાંથી ગઢા આવી ચા-નાસ્તો કર્યો. ત્યાંથી ગોગા મહારાજની જગ્યાએ આરામ કર્યો. ત્યાંથી આગળ કોરડા, સિધાડા, સાંતલપુરમાં ભોજન લઈને સરકારી વિશ્રામ ગૃહમાં રાત્રી રોકાણ કર્યું.

તાઃ 26-11-2009 ને ગુરુવારના ત્રીજા દિવસે સવારે 4:00 કલાકે ત્યાંથી નીકળી ગયા. ચીપરાળી ચા-નાસ્તો કર્યો. ત્યાંથી આગળ આહીરની જગ્યામાં આવી થોડો વિશ્રામ કર્યો. ત્યાંથી રવાના થયા. મોડું થયું હતું અને કકડીને ભૂખ પણ લાગી હતી. તેથી એકતા હોટલ આવી ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી માખેલ, પલાસવા, ગાંગોદર, આવ્યા. ગાંગોદરમાં પંચાલ પોપટભાઈને ત્યાં ભોજન લીધું. અને રાત્રી રોકાણ કર્યું.

તાઃ- 27-11-2009 ને શુક્રવારના ચોથા દિવસે 5:00 કલાકે ત્યાંથી થોરીયાળી, ભીમધોરા, માણાબા ચા-નાસ્તો કર્યો. અને ત્યાંથી સૂરજબારી પુલ (સૌરાષ્ટ્ર પ્રવેશ) કર્યો. પછી હરીપુરા (માળિયા) બપોરે ચા-નાસ્તો કર્યો. પછી ત્યાંથી જામનગર રોડ પર સોનગઢ પાટીયા પાસે હોટલમાં ભોજન લઈને ત્યાં જ રાત્રી રોકાણ કર્યું.


દ્વારકા પ્રવાસ ૨૦૦૯

તા: 28-11-2009 ને શનિવારના પાંચમા દિવસે સવારે 3:45 કલાકે ઊઠી પીપળીયાથી, ખારચીયા પછી આમરણ મેલડી માતાજીના મંદિરે બપોરનું ભોજન તથા આરામ કર્યો. ત્યાંથી જામ દુધઈ, ધાર, હાજમચોરા, કેસિયા થઈ આગળ કિરણ હોટલમાં રાત્રે 8:00 કલાકે આવી પહોંચ્યા. ત્યાં ભોજન લીધું અને રાત્રીરોકાણ કર્યું.

તા: 29-11-2009 ને રવિવારના છઠ્ઠા દિવસે સવારે 3:50 કલાકે તૈયાર થઈ ચા-નાસ્તો કરી આગળ ચાલ્યા. લગભગ 7:50 મિનિટે સવારે ભાદરા ચાર-રસ્તા આવી પહોંચ્યા. ત્યાં ચા-નાસ્તો કર્યા બાદ સીધા હડિયાણાથી સતી આશ્રમ વિશ્વનાથ શિવ મંદિરે બપોરનું ભોજન લઈ થોડો આરામ કર્યો. ત્યાંથી આગળ સાંજે 7:00 કલાકે જામનગર બસ સ્ટેશનની બાજુમાં રાત્રી-ભોજન લીધું અને દ્વારકા રોડ પર વિજય ગેસ્ટ હાઉસમાં રાત્રી રોકાણ કર્યું.

તા: 30-11-2009 ને સોમવારના સાતમા દિવસે સવારે 4:45 કલાકે નાહી-ધોઈ તૈયાર થઈને અમો રવાના થયા. રસ્તામાં ચા-નાસ્તો કર્યો. ત્યાંથી ચાલતાં સાંજે ખંભાળિયા આવી પહોંચ્યા. ત્યાં દ્વારકા હોટલમાં રાત્રે લગભગ 11:00 કલાકે ભોજન લીધું અને રાત્રીરોકાણ કર્યું.

તા: 01-12-2009 ને મંગળવારના આઠમા દિવસે દ્વારકા હોટલથી સવારે 4:30 કલાકે ચા-નાસ્તો કરીને રવાના થયા. જામનગર આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી આગળ ચાલ્યા. સાંજે 5:00 કલાકે લીંબડી ચાર રસ્તા આવી પહોંચ્યા. ત્યાં ચા-નાસ્તો પ્રસાદ લઈને રાત્રે 11:30 કલાકે ત્યાંથી રવાના થયા. રાત્રે 3:30 કલાકે ચરકલા ગામમાં આવી પહોંચ્યા. ત્યાં રાત્રીરોકાણ કર્યું.

તા: 02-12-2009 ને બુધવારના નવમા દિવસે સવારે 7:00 કલાકે ચરકલાથી નીકળી દ્વારકા આવી ગયા.

ગોમતી ઘાટ જઈ ગોમતી નદીના પવિત્ર જળમાં સ્નાન કરી. શ્રી કૃષ્ણના મંદિરે દર્શનનો લાભ લેવા આવ્યા. મોક્ષ દ્વારેથી પ્રવેશ કરીને ભગવાન રણછોડરાયના દર્શન કરી પાવન થયા. તેમના આશીર્વાદ લીધા. અમારી જીવનરૂપી નૈયાને તુ સંભાળજે એવી કાળિયા-ઠાકરને પ્રાર્થના કરી. પછી ત્યાંથી બેટ દ્વારકા ગયા. ત્યાં દર્શન કર્યા. દરિયાઈ સફરનો આનંદ લીધો. પછી નાગેશ્વર, રૂક્ષ્મણીમંદિર, ગોપીતળાવ દર્શન કરી સાંજે યમુના હોટલમાં ભોજન લીધું. અને ત્યાંથી રાત્રીરોકાણ માટે લુહાર સમાજની ધર્મશાળામાં આશરો લીધો અને પગપાળા પ્રવાસનો થાક ઉતાર્યો. બીજા દિવસે સવારે વહેલા બસ થકી લાખણી આવવા રવાના થયા. આમ અમારી બીજી પગપાળા યાત્રા ખૂબ જ સુખદ રીતે હર્ષભેર પૂર્ણ કરી....

જય હો. કાળિયા ઠાકરની...

યાત્રાળુ :—

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ

શ્રી પટેલ અમરાભાઈ રાંમાભાઈ

શ્રી પટેલ કાનજીભાઈ ભલાભાઈ

શ્રી રાજપુત જેઠાભાઈ જોધાભાઈ

જય દ્વારિકાધીશ

## * ત્રીજી પગપાળા યાત્રા:- લાખણીથી દ્વારકા:-

ત્રીજી પગપાળા યાત્રા તા:- 09-12-2010થી 18-12-2010 સુધી દિન-10 (દસ)

આજ રોજ તા:- 09-12-2010ને ગુરૂવારના પ્રથમ દિવસે 3:15 કલાકે શ્રી કુળદેવતા તથા શ્રી હિંગળાજ માતાજીની દુવા લઈ દ્વારકાધીશના દર્શન કરવા માટે પગપાળા પ્રવાસની શરૂઆત કરી. લાખણીથી લવાણા, ચિલડા, કોલરવાડા, મેરા, અંબાસણા અને ત્યાંથી ભાભર આવી પહોંચ્યા. બપોરના 1:20 કલાકે શ્યામ હોટલમાં ભોજન લીધું. ત્યાંથી જયેશભાઈ ઠક્કર પાપડીના વેપારીને ત્યાં જઈ મળ્યા બેઠા ત્યાંથી આગળ ચાલ્યા. તતવાડામાં આવી પહોંચ્યા. ત્યાં રાત્રીરોકાણ કર્યું.

તા:- 10-12-2010ને શુક્રવારના બીજા દિવસે સવારે તતવાડાથી લુદ્રા, ઝંડાલા, અને ગઢા આવી પહોંચ્યા. ત્યાં શ્રી ગોગા મહારાજના મંદિરે ચા-નાસ્તો કર્યો. ત્યાંથી સિધાડા સાંતલપુર પહોંચ્યા ત્યાં હોટલમાં ભોજન લીધું અને રાત્રી-રોકાણ કર્યું.

તા: 11-12-2010ને શનિવારના ત્રીજા દિવસે સાંતલપુરથી સવારે 3:15 કલાકે રવાના થયા. આડેસર 10:15 કલાકે એકતા હોટલમાં ચા-નાસ્તો કર્યા બાદ ત્યાંથી આગળ ગાંગોદર આવી પહોંચ્યા. ત્યાં વિષ્ણુભાઈ પ્રજાપતિના ઢાબા હોટલમાં જમવાનું જમ્યા. ત્યાંથી અમે શ્રી હનુમાન દાદાના મંદિરે દર્શન કરી ભોજન લીધું અને રાત્રી રોકાણ કર્યું. ત્યાં અમને સારી સગવડ મળી હતી.

તા: 12-12-2010ને રવિવારના ચોથા દિવસે 7:00 કલાકે ગાંગોદરથી નિકળ્યા ત્યાંથી આગળ 9:00 કલાકે ધોરીયાળી મેઘજીભાઈ પટેલને ત્યાં સ્નાન-પાણી કર્યા બાદ ગાયત્રી શતક પાઠ કર્યા. મેઘજીભાઈ પટેલનો સંપર્ક નં:- 9776113339 ત્યાંથી આગળ ચાલ્યા. બપોરે અમે ગિરધરભાઈ ઠક્કરના ત્યાં ભોજન લીધું. ત્યાંથી ધોરીયાળીથી નીકળી સૂરજ બારી પૂલ પછી માળિયા સાંજે 8:00 કલાકે

પ્રાકટ્ય



વિશ્વાસથી

રેલ્વે ફાટક વાળા રસ્તાથી જામનગર હાઈવે સોનગઢની બાજુમાં અવધ હોટલમાં ભોજન લીધું અને રાત્રીરોકાણ કર્યું.

તા: 13-12-2010 ને સોમવારના પાંચમા દિવસે 6:15 કલાકે અવધ હોટલમાંથી નિકળ્યા. ત્યાંથી પીપળીયા ચાર રસ્તા આવી બપોરનું ભોજન લીધું. પીપળીયાથી અમે સાંજે 5:30 કલાકે આમરણ આવી નાસ્તો કર્યો. ત્યાંથી યાત્રા ચાલી રાત્રે 9:00 કલાકે આદેશ બાપજી આશ્રમે આવ્યા અને રાત્રી રોકાણ કર્યું.

તા: 14-12-2010 ને મંગળવારના છઠ્ઠા દિવસે 5:00 કલાકે સવારે વહેલા તૈયાર થઈને આશ્રમથી વિદાયલીધી. 11:00 કલાકે ભાદરા ચાર રસ્તા આવ્યા. ભાદરા નદીના નીરથી અણદા સદ્ગુરુ આશ્રમમાં સ્નાન કર્યું. ચા-નાસ્તો કર્યા બાદ ત્યાંથી લીંબુડા પ્રા. શાળામાં બારોટ સંઘ દ્વારા બપોરનું ભોજન લીધું. ત્યાંથી હડિયાણા, બિરી હનુમાન દાદાના મંદિરે આવ્યા. ત્યાં ભોજન લીધું અને રાત્રીરોકાણ કર્યું.

તા: 15-12-2010 ને બુધવારના સાતમા દિવસે સવારે 5:00 કલાકે નિકળ્યા. સચાણાથી બિજડીયા 8:30 કલાકે આવી પહોંચ્યા. ત્યાં ચા-નાસ્તો કર્યો. જામનગર 10:00 કલાકે આવી હરિદ્વાર આશ્રમમાં સ્નાન કરી ત્યાંથી 7:00 કલાકે આવડા નિલકંઠ હોટલમાં ભોજન લીધું. આગળ પરશુરામ મહાદેવની જગ્યાએ રાત્રે 10:00 કલાકે આવી પહોંચ્યા. દર્શન કર્યા અને રાત્રી રોકાણ કર્યું.

તા: 16-12-2010 ને ગુરુવારના આઠમા દિવસે જોગવડથી સવારે 6:30 કલાકે નીકળી અમો બપોરે ખંભાળિયા જલારામ દ્વારકાઈ હોટલમાં ભોજન કર્યું. બાદ ત્યાંથી નીકળી દ્વારકાદાસ આશ્રમે આરામ કર્યો. પછી રાત્રે હજરાપર ગામમાં આશ્રમમાં લગભગ 11:30 કલાકે પહોંચ્યા અને રાત્રીરોકાણ કર્યું.

તા:- 17-12-2010ને શુક્રવારના નવમા દિવસે આશ્રમેથી ચા-નાસ્તો કરી પછી 6:00 કલાકે ત્યાંથી નિકળ્યા લગભગ 9:15 કલાકે આશાપુરા હોટલ લીંબડી આવી ચા-નાસ્તો કર્યો. પછી લગભગ 12:00 કલાકે અમો પાલાબાપાની વાડીમાં આવી સ્નાન કર્યું. ત્યાંથી અમે રવાના થયા. રાત્રે લગભગ 9:00 કલાકે દ્વારકા પહોંચ્યા દર્શન કર્યા. પ્રણામ હોટલમાં જઈ ભોજન લીધું. અને જય રણછોડ ધર્મશાળામાં વિશ્રામ કર્યો...

તા:- 18-12-2010ને શનિવારના દસમા દિવસે સવારે 5:15 કલાકે ગરમ પાણીથી સ્નાન કરી રણછોડની આરતી તથા દર્શન બાદ ધર્મશાળામાં આવ્યા. પછી ગોમતી નદીના પવિત્ર જળમાં સ્નાન કર્યું. ભગવાન રણછોડ રાયના દર્શન કર્યા. રુક્ષમણીના દર્શન, પૂર્વજોને પાણીનું દાન કર્યું. પૂર્વજોને જળ અર્પણ કર્યા બાદ મૂળ દ્વારકા દર્શન કર્યા અને બપોરે ભોજન કરી લાખણી આવવા રવાના થયા. આમ, અમે અમારી ત્રીજી પગપાળા યાત્રા પૂર્ણ કરી...

જય શ્રી કૃષ્ણ :—

—: યાત્રાળુ :—

શ્રી પટેલ લાલજી કાળાભાઈ
શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ
શ્રી પટેલ કાનજીભાઈ લલાભાઈ
શ્રી રાજપૂત જેઠાભાઈ જોધાભાઈ

જય શ્રી કૃષ્ણ

## ચોથી પગપાળા યાત્રા:- દ્વારકા

ચોથી પગપાળા યાત્રા તા:- 28-11-2011 થી તારીખ: 07-12-2011 સુધી દિન-10 (દસ).

તા:- 28-11-2011 ને માગશર સુદ-4 સવારે 4:00 કલાકે શ્રી કુળદેવતા તથા શ્રી હિંગળાજ માતાજીના આશીર્વાદ લઇ પ્રારંભ કર્યો. લાખણીથી કોતરવાડા, સતેડા, વજાપુર, બપોરે 1:45 કલાકે ભાભર આવી પહોંચ્યા. ત્યાં ભોજનમાં શાક, રોટલી, છાસ, લીધું. પછી આગળ ચાલવાનું શરૂ કર્યું. 3:15 કલાકે બેડા પહોંચ્યા. તતવાડા થી ઈદરવા આમ સાંજ 6:00 કલાકે ઈશ્વર ઠાકોરના ઘરે રાત્રીરોકાણ કર્યું.

તા:-29-11-2011 ને બીજા દિવસે સવારે 4:00 કલાકે લુદ્રા, ગુદરા થી ડાંગરા 6:00 કલાકે પહોંચી ગયા. ત્યાં ચા-નાસ્તો કર્યો. ત્યાંથી જડાલ, ગઢા આવ્યા ત્યાં પણ ચા-નાસ્તો કરી આગળ વધ્યા. 6:00 કલાકે સાંજે સાંતલપુર પહોંચ્યા. ત્યાં 7:15 કલાકે રાધે હોટલમાં ભોજન લીધું અને રાત્રીરોકાણ કર્યું.

તા:-30-11-2011 ને ત્રીજા દિવસે સવારે 4:00 કલાકે આડેસર આવી અમે રવાના થયા. લગભગ 11:00 કલાકે બપોરનું ભોજન લીધું. ત્યાંથી યાત્રા આગળ પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી યાત્રા આગળ શરૂ કરી. રાત્રે લગભગ 8:30 કલાકે ગાંગોદરમાં આઈમાતા હોટલમાં ભોજન લીધું. તેમજ રાત્રી રોકાણ માટે શ્રી હનુમાન દાદાના મંદિરમાં ગયા. ત્યાં દરશન કરીને રાત્રીરોકાણ કર્યું.

તા:-01-12-2011 ને ચોથા દિવસે સવારે 5:00 કલાકે ઉઠીને તૈયાર થઇ અમારી સફરની શરૂઆત કરી. 8:00 કલાકે અમો શેવિયાળી આવી પહોંચ્યા. ત્યાંથી માણબા આવ્યા. માણબા ચા-નાસ્તો કર્યો. ત્યાંથી 5:00 કલાકે માળિયા આવી પહોંચ્યા. ત્યાંથી હરિપુરા રેલ્વેના પાટે-પાટે ચાલતાં જામનગર હાઈવે આવી પહોંચ્યા. ત્યાં 8:00 કલાકે ડાળા હોટલમાં ભોજનમાં ભાગ લીધો. અને રાત્રીરોકાણ કર્યુ.

જય હો કાળિયા ઠાકરની



ૐ જય દ્વારકાધીશ

તા:- 02-12-2011 ને પાંચમા દિવસે સવારે 4:30 કલાકે ચા-નાસ્તો કરી ડાળા હોટલથી રવાના થયા. લગભગ 8:00 કલાકે પીપળીયા ચોકડી ચા-નાસ્તો કરી અને આગળ વધ્યા. બપોરે 12:15 કલાકે સત્ કેવલ આશ્રમે આવી ચા-નાસ્તો કર્યો. 3:30 કલાકે આમરણ ગોરધન પટેલના ત્યાં ચા-નાસ્તો કરી ત્યાંથી અમારી યાત્રા આગળ ચાલી ત્યાંથી રાત્રે 9:00 કલાકે ધાર (તારણા) આવી પહોંચ્યા. ત્યાં બસ-સ્ટેશને ચા-નાસ્તો કરી ત્યાંથી આદેશ બાપજની જગ્યામાં પહોંચ્યા, ત્યાં સત્સંગમાં ભાગ લીધો. તેમજ આદેશ બાપજના આશિર્વાદ લીધા. બાપજનો સંપર્ક નં:- 9979255064 અને રાત્રીરોકાણ ત્યાંજ કર્યું....

તા:- 03-12-2011 ને શનિવારના છઠ્ઠા દિવસે આદેશ આશ્રમેથી ચા-નાસ્તો કરી. લગભગ 7:15 કલાકે ત્યાંથી નિકળ્યા. અને 11:15 કલાકે ભાદરા ચોકડી આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું બાદ અણદા, લીંબુડા, હડિયાણા આવ્યા ત્યાં. અશોકભાઈ પટેલના ત્યાં ચા-નાસ્તો કર્યો. ત્યાંથી બિરી રામસેવા આશ્રમમાં બાપજના દર્શન કર્યા. હનુમાનદાદાના દર્શન કર્યા. અને સત ઈશ્વરદાન આશ્રમે રાત્રીરોકાણ કર્યું.

તા:- 04-12-2011 ને રવિવારના સાતમા દિવસે સવારે 5:15 કલાકે સચાણા આશ્રમથી નીકળી. અને લગભગ 7:15 કલાકે ખીજડીયા ચા-નાસ્તો કર્યા બાદ જામનગર આવ્યા. ત્યાં ચા-નાસ્તો કરી પછી ત્યાંથી નોકિયાનો નવો મોબાઈલ 1500 રૂપિયામાં ખરિદ્યો ત્યાંથી આગળ નીકળી સાંજે લગભગ 5:15 કલાકે રાજા-બાપા છોટા હરિદ્વાર આશ્રમે આવ્યા. ત્યાં સ્નાન કરી 6:00 કલાકે ત્યાંથી રવાના થયા. સાંજે લગભગ 7:00 કલાકે ખાવડી નિલકંઠ હોટલમાં ભોજન લીધું. રાત્રે 9:00 કલાકે જોગવડ પાટિયે ચામુંડા મંદિરે રાત્રીરોકાણ કર્યું.

તાઃ- 05-12-2011 ને સોમવારના આઠમા દિવસે
5:15 કલાકે જોગવડથી ઉપડયા. ત્યાંથી સીતારામ આશ્રમ
સિરણી બંધની બાજુમાં આરાધના આશ્રમની બાજુમાં
9:00 કલાકે પહોંચ્યા. ત્યાં સ્નાન પાણી કરી. સીતારામ
આશ્રમે બાપજીના સન્મુખ બેસીને સંકલ્પ લીધો. કે જો
મારા ધંધામાં પ્રગતિ થશે તો લાખણીથી મારા ખર્ચે
લોકોને પગપાળા યાત્રા કરાવીશ, સીતારામ આશ્રમથી
દોલાથી સીધા ખંભાળિયા આવ્યા. ત્યાં જલારામ હોટલે
બપોરે 1:00 કલાકે ભોજન લીધું. પછી રાતે 10:00
કલાકે દ્વારકા હાઈવે હજારાપુર આવી પહોંચ્યા.
ત્યાં આશ્રમમાં રાત્રી રોકાણ કર્યુ.....

તાઃ- 06-12-2021 ને મંગળવારના નવમા દિવસે
સવારે વહેલા 6:00 કલાકે આશ્રમથી દ્વારકા જવા
રવાના થયા. લીંબડી ચા-પાણી કરી. ભાટીયાથી બપોરે
લગભગ 12:00 કલાકે પાલા બાપા ભગતની વાડીએ
સ્નાન કરી ભોજન કર્યુ. ત્યાંથી આશરે 2:00 કલાકે
નીકળ્યા. સાંજે 7:40 મિનિટે દ્વારકા નગરીમાં પ્રવેશ
કર્યો. 8:00 કલાકે મોક્ષ દ્વારેથી ભગવાન રણછોડરાયના
દર્શન કર્યા. આરતીમાં ભાગ લીધો. રાત્રે 10:40 કલાકે
સરદાર પટેલ વાડીમાં રાત્રી રોકાણ કર્યુ.

તાઃ- 07-12-2011 બુધવારના દસમા દિવસે
સવારે 4:00 કલાકે ઉઠીને ગોમતી ઘાટ પર સ્નાન કરી
પછી 5:15 કલાકે ભગવાન દ્વારકાધીશ મંદિરના પક્ષીદાર-
માં પ્રવેશ કર્યો 7:00 કલાકે મંગલા આરતી બાદ
પ્રસાદ કરી મંત્ર સંકલ્પ રજૂ કરી. તથા ભાઈ-બહેન
તથા મિત્રોની ઈચ્છા ભગવાન પૂર્ણ કરે તેવી પ્રાર્થના
કરી દંડવત પ્રણામ કરી યાત્રા પૂર્ણ કરી. 8:00 કલાકે
રૂક્ષ્મણી મંદિરના દર્શન કર્યા. અને 9:15 કલાકે
દ્વારકાથી એક્સપ્રેસ બસ જામનગર સુધી આવ્યા. ત્યાંથી
થરાદ સુધી ની એક્સપ્રેસ બસમાં બેઠા. ત્યાંથી લાખણી

મુકામે પરત આવ્યા. આમ આ રીતે અમારી ચોથી પગપાળા યાત્રા સુખદ રીતે પૂર્ણ કરી.....

-: યાત્રાળુ :-

શ્રી લાલજીભાઈ ભાળાભાઈ પટેલ

શ્રી અમરાભાઈ રામાભાઈ પટેલ

શ્રી કાનજીભાઈ ભલાભાઈ પટેલ

શ્રી જેઠાભાઈ જેધાભાઈ રાજપૂત

શ્રી હરિભાઈ કાનજીભાઈ પટેલ

હરદમ હસતા રહો



॥ જય શ્રી દ્વારકાધીશ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ જય શ્રી દ્વારકાધીશ ॥



# પટેલ કાળાભાઈ ખેતાભાઈ (ભેદરૂ) પરિવાર દ્વારા ધ્વજા આરોહણ

## શ્રી દ્વારકાધીશજીની ધ્વજાનું સ્વરૂપ અને પૂજન વિધિ માર્ગ દર્શિકા



પટેલ કાળાભાઈ ખેતાભાઈ

### કારતક વદ ૫ સોમવાર, તા.૩/૧૨/૧૨ સવારે ૯ કલાકે.

શ્રી દ્વારકાધીશજીની ધ્વજાનું સ્વરૂપ અલૌકીક છે.તે પોતાની આગવી વિશિષ્ટતા ધરાવે છે.

(૧) આધિભૌતિક (૨) આધ્યાત્મિક (૩) આધિદૈવિક

**(૧) આધિભૌતિક :-** આધિ એટલે આવાસ(સ્થાન)અને ભૌતીક એટલે પંચતત્વ(કાપડ)માંથી,આ ધ્વજા બનેલી છે.તેમાં ૫૨(બાવન)-૫૨ કાપડ વાપરવામાં આવે છે.જેમાં પ્રતેક ગજનું સ્વતંત્રઅસ્તિત્વ બતાવવા ધ્વજાની ફરતી કિનારી પર બાવન નાના પતાકાઓ જોડવામાં આવે છે.જે શ્રી દ્વારકાધીશના મહેલમાં પ્રવેશવાનાં સ્વર્ગદ્વાર અને મોક્ષદ્વારના પ્રતિકરૂપ પણ છે.હાલ છપ્પનસીડી તરફનું દ્વાર સ્વર્ગદ્વાર અને ભગવાન દ્વારકાધીશની નગરીમાં પ્રવેશવાનું દ્વાર મોક્ષદ્વાર તરીકે જાણીતું છે.આ રીતે શ્રી દ્વારકાધીશજીની ધ્વજા દ્વારકાના પ્રવેશદ્વાર અને યાદવોના આવાસ બન્નેનું એકત્રીત આધિભૌતીક સ્વરૂપ છે.

**(૨) આધ્યાત્મિક :-** આ શબ્દ અતિશય માનવાચક અને પવિત્ર છે.ધ્વજાનું નામ સાંભળતાંજ પ્રતેક માનવના મનમાં પૂજ્યભાવ અને આદરભાવ ઉત્પન્ન થાય છે.ધ્વજાનું બીજું નામ ઝંડો છે.જેવી રીતે ભારતનો રાષ્ટ્રધ્વજ રાષ્ટ્રીય પ્રતિક છે.અને ભારતનો નાનામાં નાનો માનવી તેનો માન-મોભો જાળવે છે.તેને પોતાની ફરજ અને કર્તવ્ય માને છે.તેનું અપમાન દેશનું અપમાન ગણે છે.અને રાષ્ટ્રધ્વજનું અપમાન કરનાર શિક્ષાને પાત્ર થાય છે.આજ પ્રમાણે ધ્વજાની બાબતમાં પણ માન-સન્માનનું મહત્વ છે.તથી ધ્વજાના આધ્યાત્મિક સ્વરૂપને માનથી અને પૂજ્યભાવથી જોઈ લોકો તેનો આદર સત્કાર કરી તેને માનપૂર્વક મસ્તક પર ધારણ કરે છે અને નમસ્કાર કરે છે.

**(૨) આધિદૈવિક સ્વરૂપ :-** જે રીતે ભારતનો કેસરી,સફેદ અને લીલો અશોકચક્ર યુક્ત ધ્વજ દૈવિક સ્વરૂપને સમજાવે છે તે રીતે બાવન ગજની શ્રી દ્વારકાધીશજીની ધ્વજા દૈવિક સ્વરૂપ સમજાવે છે જ્યાં સુધી ધ્વજાનું કાપડ દુકાનદારને ત્યાં હોય છે ત્યાંસુધી તે કાપડ છે. પરંતુ તે કાપડ જ્યારે,યથાયોગ્ય સ્વરૂપે શિવાઈ જાય છે ત્યારે તે શ્રી દ્વારકાધીશની ધ્વજા દૈવિક સ્વરૂપ ધારણ કરે છે. આ ધ્વજા માં શ્રી દ્વારકાધીશ સ્વરૂપનો વાસ થઇ જાય છે. શ્રી દ્વારકાધીશજીની દૈવિક સ્વરૂપે તેમના ઘરે શ્રી દ્વારકાધીશ વાસ કરે છે અને તેમના આવાસ અને પરિવારને પવિત્ર બનાવે છે.

જ્યારે વિવિધ સ્વરૂપવાળી શ્રી દ્વારકાધીશની ધ્વજા શિખર ઉપર ચડાવવાનો ભક્તજન સંકલ્પ કરે છે ત્યારે તે પોતાના સગા સબંધી મિત્રો વગેરે ને આદર સતકાર પર્વક નિમંત્રણ આપે છે. ત્યારે પછી આ બધા સગા સંબંધીઓ સાથે વાજતે ગાજતે ધ્વજ ને મસ્તક ઉપર ધારણ કરાવી.જય રણછોડ..રાજા રણછોડ ગોપાલ કૃષ્ણ... રાધે કૃષ્ણ...ના જયઘોષ સાથે શ્રી દ્વારકાધીશના સાનિધ્યમાં તે ધ્વજા ની બ્રાહ્મણ દ્વારા વિધિવિધાન પુર્વક મંત્રોચ્ચાર સાથે પુજન વિધિ કરવાની હોય છે.

**ધાર્મિક પુજન વિધિ :-** ધ્વજાની ધાર્મિક પૂજન વિધિ વખતે ઉપસ્થીત રહેલ વ્યક્તિયોને સૌપ્રથમ બ્રાહ્મણો દ્વારા સ્વસ્તિ મંત્રો દ્વારા કંકુ ચોખા વડે તેઓના મસ્તક માં રહેલી બુધ્ધિને સ્થિર અને પવિત્ર બનાવવામાટે તિલક કરવામાં આવે છે જેનાથી ઉપસ્થીત વ્યક્તિઓ પોતાને ધન્ય અને પવિત્ર માને છે ત્યાર પછી શ્રી દ્વારકાધીશ સ્વરૂપે બિરાજેલ ધ્વજાનું મંત્રોચ્ચાર દ્વારા ગણપતિ પુજન કરવામાં આવે છે ત્યાર બાદ પવિત્ર એવા સર્વ તિર્થ સ્વરૂપ એવા જલ યુક્ત કલશનું પુજન કરી અભિમંત્રીત કરવામાં આવે છે. તત્પશ્ચાત ગુરુ પુજન કુળદેવિ પુજન થાય છે આ રીતે સર્વ દેવોના પુજન બાદ

-: શ્રી દ્વારકાધીશજીની ધ્વજા ના કાપડમાં વર્ણ - રંગની પસંદગી :-

રાધે શ્યામં પીતકૌશેય વાસં શ્રી વત્સાંકંભાધિતાં ગમ ।
પુરુયોપેસં પુંડરીકાયતાક્ષં કૃષ્ણં વંદે સર્વ લોકૈકનાથમ ॥

અર્થાત :- મેઘ સમાન શ્યામ રંગવાળા પીળા રેશમી પીતાંબર ધારણ કરેલા શ્રીવત્સના ચિન્હવાળા કૌસ્તુભ મણીથી શોભીત અંગવાળાપુણ્ય કરનારા કમલ સમાન લાંબી આંખ વાળા સર્વલોકના એકમાત્ર સ્વામી ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરું છું .

ભગવાન શ્રી દ્વારકાધીશજી નું શ્રી અંગ મેઘધનુષ્યની જેમ સપ્તરંગી છે.આ સાતેય વર્ણ -રંગ શુભ સુચક છે.અને વિશિષ્ટ ગુણો ધરાવે છે.તે સાત રંગ લાલ,લીલો,પીળો,નીલો,સફેદ,કેસરી અને ગુલાબી છે.

**(૧) લાલ રંગ :-** લાલ રંગનો ઉપયોગ માંગલી પ્રસંગોમાં પ્રમુખ સ્થાન ધરાવ છે.લાલ રંગ બળ,ઉત્સાહ,સ્ફુર્તિ,પરાક્રમ,હર્ષ,ધન-ધાન્ય,વિપુલસંપત્તિ,સંમૃધ્ધી અને શુભ પ્રગટ કરનાર છે.ધ્વજા ચડાવનાર યજમાન માટે આ રંગ પ્રેરણાસ્રોત બને છે. પરિવર્તન લાવે છે. અને તેમને ભગવાનનમાં લાલ રંગે રંગાઈ જવાની પ્રેરણા આપે છે.

**(૨) લીલો રંગ :-** લીલો રંગ આધ્યાત્મિક પ્રેરણા વાતાવરણનું પ્રતિક છે.લીલો રંગ સમગ્ર પ્રકૃતિમાં વ્યાપી છે.લીલો રંગ પ્રકૃતિને આચ્છાદિત કરનાર મધુર રંગ છે.તે માનવ મન ને શાંતી અને સ્ફુર્તિ આપનાર તથા આંખની જ્યોતીને વધારનાર છે.તેનાથી માનવી તેજ,બળ અને આત્મવિશ્વાષવાળ બને છે.

**(૩) પીળો રંગ :-** પીળો રંગ જ્ઞાન,વિદ્યા,અને વિવેકનું પ્રતિક છે.પીળો રંગ સુખ,શાંતિ,અધ્યયન,વિદ્વતા,યોગ્યતા,એકાગ્રતા અને માનસિક -બૌદ્ધીક ઉન્નતિનું પ્રતિક છે.ભગવાન વિષ્ણુનું પીળુ પીતામ્બર તેમના અસીમ જ્ઞાનને દર્શાવે છે.શ્રી ગણપતિજી પણ પીળું પીતામ્બર પહેરે છે.

**(૪) નીલો રંગ :-** નીલો રંગ બળ નું પ્રતિક છે.સૃષ્ટિકર્તાએ વિશ્વમાં નીલ રંગ ને સર્વાધિક રાખેલ છે.આપણા ઉપર નીલ રંગનું આકાશ,નીચે નીલ રંગની નદીઓ વહે છે.જેમાં ભગવાનનો વાસ રહેલો છે.નીલરંગી સમુદ્રમાં ભગવાન વિષ્ણુ -લક્ષ્મી શયન કરે છે.ગંગા-યમુના જેવી નીલરંગી નદિમાં માનવ સ્નાન કરી પવિત્ર બને છે.

**(૫) સફેદ રંગ :-** સફેદ રંગ પવિત્રતા,શુદ્ધતા,વિદ્યા,અને શાંતિનું પ્રતિક છે.સફેદ રંગ બધા ગુણોવાળા સાત રંગોના મિશ્રણથી બને છે.તે માનસિક ,બૌધ્ધિક અને નૈતિક સ્વચ્છતા પ્રગટ કરે છે.અને માનવના દુર્ગુણો આચરતા અટકાવે છે.તેથી જ તો વિદ્યાની દેવી સરસ્વતી સફેદ વસ્ત્ર ધારણ કરે છે.ધ્વજામાં રહેલ સફેદ રંગ માનવને ભગવાનની પ્રાપ્તિ કરાવી. જીવનમાં શુદ્ધતા અને પવિત્રતા લાવે છે.

**(૬) કેસરી રંગ :-** કેસરી રંગ શૂરવિરતા,સાહસિકતા,નીડરતા,પ્રગતિશીલતા,પૌરૂષત્વનું પ્રતિક છે.કેસરી રંગ પર દ્રષ્ટિ પડતાંજ તેનામાં આ બધા ભાવો સ્વાભાવિક રીતે જ ઉત્પન્ન થઈ જાય છે.સમાજમાં અનીતી,અત્યાચાર,પાપાચાર,અધર્મ વગેરે જોવામાં આવે છે ત્યારે કેસરી રંગના ગુણોવાળા માનવો આ બધી પરિસ્થીતીનો સામનો એકલા હાથે કરે છે.ત્યારે તેની પ્રવૃતિને સમાજ કેસરીયાં કર્યાં એમ કહે છે.આવા ગુણો ધરાવનાર ભક્તો કેસરી રંગ ની ધ્વજા પસંદ કરે છે.

**(૭) ગુલાબી રંગ :-** ગુલાબી રંગ મનુષ્યના સ્વભાવને ગુલાબી-પ્રફુલ્લિત બનાવે છે.ગુલાબનું ફુલ આકર્ષક અને કોમળ હોય છે.ગુલાબી રંગ આંખને ગમે છે.તેથી તે રંગનું કપડું પસંદ કરવામાં આવે છે.ગુલાબની સાથે કાંટા પણ હોય છે.જે મનુષ્યને પ્રેરણા આપે છે કે મનુષ્યે પોતાનું જીવન ગુલાબની જેમ કોમળ અને સમયે આવ્યે કાંટા સમાન કઠોર પણ બનવાનું સુચવે છે.

આ રીતે આ બધા રંગો પોતાના વિશિષ્ટ ગુણો ધરાવતા હોઈ આ રંગોના કાપડની ધ્વજા બને છે અને ધ્વજા ચડાવનારને કાપડના રંગોની પસંદગી કરવાની હોય છે.

**સંયોજક :-** પટેલ લાલજીભાઈ કાળાભાઈ લાખાણી (મો.) ૯૪૨૮૧૩૯૩૯૧
પટેલ અમરાભાઈ રાંમાભાઈ લાખાણી (મો.) ૯૪૨૮૧૩૯૩૯૦

પગ પાળા યાત્રા વર્ષ ૨૦૦૮/૦૯/૧૦/૧૧/૨૦૧૨

* પાંચમી પગપાળા યાત્રા:- લાખણીથી દ્વારકા:-

પાંચમી પગપાળા યાત્રા તા:- 22-11-2012 થી તા:- 30-12-2012 સુધી દિન-12 (બાર દિવસ)

આજ રોજ તા:- 22-11-2012 ને પ્રથમ દિવસે સવારે 5:00 કલાકે શ્રી કુળદેવતા તેમજ શ્રી હિંગળાજ માતાજીના દર્શન કરી આશીર્વાદ લઈ પાંચમી પગપાળા યાત્રાની શરૂઆત કરી. લાખણીથી લવાણા, જુમડા, કોતરવાડા, અંબાસણાથી ભાભર આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું ત્યાંથી આગળ વધી બેડામાં રાત્રી રોકાણ કર્યું.

તા:- 23-11-2012 ને બીજા દિવસે સવારે 5:00 કલાકે બેડાથી નિકળી બપોરે ગઢા આવ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. સાંજે સાંતલપુર કમલ હોટલમાં ભોજન કરી અને લોહાણા સમાજ વિદ્યાર્થી ભવનમાં રાત્રી રોકાણ કર્યું.

તા:- 24-11-2012 ને ત્રીજા દિવસે સવારે 5:00 કલાકે ત્યાંથી નિકળી બપોરે 12:00 કલાકે શ્રી મોમાઈ માતાજીના મંદિરે આવી પહોંચ્યા. ત્યાં દર્શન કરી. સ્નાન કરી ભોજન પ્રસાદ લીધો. અને પછી દ્વારકાધીશ ધજા આરોહણનું માતાજીને આમંત્રણ આપ્યું. બપોરે ભોજન બાદ 2:30 કલાકે આગળ વધ્યા યોગગઢથી આગળ વધી રાત્રે 8:00 કલાકે ભીમાસર આશ્રમે રાત્રી રોકાણ કર્યું.

તા:- 25-11-2012 ને ચોથા દિવસે સવારે 5:20 કલાકે ભીમાસરથી આગળ ચાલ્યા. 10:25 કલાકે અમે ગાગોદર પ્રજાપતિ હોટલમાં ભોજન લીધું. ત્યાંથી નિકળી હનુમાન દાદાના મંદિરે પહોંચ્યા. દાદાના દર્શન કરી આમંત્રણ આપી આશીર્વાદ લીધા. ત્યાંથી પોલીસ ચોકી સૂરજબારી પુલ ત્યાં રાત્રી રોકાણ કર્યું.

શ્યામ તેરી બંસી પુકારે રાધા નામ



જય હિંગળાજમાં

તા:- 26-11-2012 ને પાંચમા દિવસે સવારે 6:00 કલાકે સૂરજ બારી પુલથી આગળ નિકળ્યા. બપોરે અવધ હોટલમાં ભોજન લીધું. ત્યાંથી આગળ વધીને રાત્રે ક્રિષ્ણા હોટલમાં ભોજન લીધું. પછી અમે પાણી પૂરવઠા ઓફિસે પીપળીયા ખાતે રાત્રીરોકાણ કર્યું.

તા:- 27-11-2012 ને છઠ્ઠા દિવસે સવારે 5:00 કલાકે પીપળીયાથી પગપાળા યાત્રાસંઘ આગળ વધીને બપોરે આમરણ આવી પહોચ્યા. ત્યાંથી આગળ નિકળી અમે બાદર ચોકડી પર હોટલમાં ભોજન કર્યું. અને ત્યાં જ હોટલમાં રાત્રીરોકાણ કર્યું.

તા:- 28-11-2012 ને સાતમા દિવસે સવારે 5:30 કલાકે ત્યાંથી ચાલ્યા બપોર ફિરી પછી સચાણા આશ્રમે આવી પહોંચ્યા. ત્યાં ભોજન કરી પછી આગળ વધ્યા. રાત્રે 6:15 કલાકે જામનગર પ્રવાસ કર્યો. ત્યાં ગણેશ હોટલમાં રાત્રીનું ભોજન લઈ ત્યાં રામદેવ આશ્રમ ખંભાળિયા રોડ રાત્રી રોકાણ કર્યું.

તા:- 29-11-2012 ને આઠમા દિવસે સવારે 5:00 કલાકે ત્યાંથી આગળ નિકળ્યા. બપોરે ખાવડી આશ્રમ ભોજન પ્રસાદ તથા થોડો વિશ્રામ લીધો. પછી સાંજે 4:00 કલાકે સીતા-રામ આશ્રમ સિંહણીપાટીયે સ્નાન પાણી બાદ રિદ્ધિ હોટલમાં ભોજન લીધું. સાંજે 9:00 કલાકે ખંભાળિયામાં રાત્રીરોકાણ કર્યું.

તા:- 30-11-2012 ને નવમા દિવસે સવારે 5:10 કલાકે ખંભાળિયાથી નિકળી બપોરે 1:00 કલાકે લીંબડીમાં ચા-નાસ્તો કર્યો. ત્યારબાદ સાંજે 8:00 કલાકે પાલા-બાપાની વાડીમાં ભોજન લીધું. પછી ત્યાંથી ચાલી રાત્રે 11:00 કલાકે દ્વારકા પ્રવેશ કર્યો ગોમતી ઘાટ સ્નાન કરી નિર્મળ થઈ. દ્વારકાધીશના દર્શન કરવા માટે મોક્ષદ્વારેથી પ્રવેશ કર્યો. દર્શન કર્યા.

# બાળક ભગવાનનું રૂપ છે.



તા:- 01-12-2012 ને દસમા દિવસે સવારે 6:00 કલાકે ઉઠીને તૈયાર થઈ શ્રી ગોમતી નદીના ઘાટે જઈ નદીના પવિત્ર જળમાં પરોઢે સ્નાન કરી. મોક્ષદ્વારથી દર્શન કરવા માટે પ્રવેશ કર્યો. દર્શન તથા આરતીનો લાભ લીધો. બપોરનું ભોજન તથા રૂક્ષ્મણિ દર્શન, પિતૃઓના મોક્ષ માટે જળદાન, બેટ દ્વારકા દરિયાની સફર તથા કૃષ્ણ દર્શન સાંજે દ્વારકા પરત મંગલા આરતીનો લાભ રાત્રી ભોજન તથા વિશ્રામ કર્યો.

તા:- 02-12-2012 ને અગિયારમા દિવસે સવારે 6:00 કલાકે ગોમતીના પવિત્ર જળમાં સ્નાન કરી પવિત્ર થઈ મોક્ષદ્વારેથી ભગવાનના દર્શન કર્યા. અને આરતીનો લાભ લીધો. અને ધજા આરોહણ વિધિનું આમંત્રણ ભગવાન શ્રી કૃષ્ણને આપી તેમના આશીર્વાદ લીધા. મહારાજને મળી ધજા આરોહણની તૈયારી કરી. બપોરનું ભોજન લીધું. બાદ ગોપી તળાવ, નાગેશ્વર મહાદેવ, દર્શન કરી સાંજે પરત આવી રણછોડના દર્શન કર્યા. ધરમશાળામાં પરત ફર્યા...

તા:- 03-12-2012 ને બારમા દિવસે સવારે 4:00 કલાકે વહેલા ઉઠીને ગોમતી સ્નાન કરી મોક્ષદ્વારેથી પ્રવેશ પ્રભુના દર્શન કર્યા. પરત આવી ચા-નાસ્તો કર્યો. આગળના કાર્યક્રમની તૈયારી કરી પછી સમૂહમાં સભા ભરી તેમાં શ્રી લાલજીભાઈ પટેલ તથા અમરાભાઈની અમૃતવાણી દ્વારા કાર્યક્રમના ઉદ્દેશો, રીત-રીવાજો, શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વ્યસન મુક્તિ, શિક્ષણનો વ્યાપ વધારવો સહકાર, સમભાવ વગેરે વિશે વિગતે ચર્ચા કરી. એક આદર્શ નાગરિક સમાજને મળે તેવા પ્રયત્નો કરવા તેવી ચર્ચા અને સંકલ્પ કર્યો...




દશમ અધ્યાય [illegible]

તા: 03-12-2012

## -: ધ્વજ આરોહણની રૂપરેખા :-

તા:- 03-12-2012ને પ્રથમ દ્વારકાધીશની ધ્વજ આરોહણ વિધિ કરવાની મનની ઇચ્છા પ્રભુએ પૂર્ણ કરી.

### -: શ્રી દ્વારકાધીશો વિજયતે :-

ગોર મહારાજ:- લોકેશ ઠાકર
ધ્વજાના રંગ:- સફેદ, લાલ, પીળો
સમય:- સવારે 9:00 કલાકે

આમંત્રણ:- ધ્વજ આરોહણ વિધિ કાર્યક્રમમાં શ્રી કુળદેવતા (ઘરે) શ્રી હીંગળાજ માતાજી (લાખણી) શ્રી જડેશ્વર મહાદેવ શ્રી ધરણીધર ભગવાન (ઢીમા) શ્રી ગાયત્રી માતાજી (ઢીમા) શ્રી દ્વારકાધીશ ભગવાન (દ્વારકા) શ્રી અર્બુદા માતાજીને હૈયાના હેતથી, હૃદયના ઉમળકાથી લાગણીસભર સ્નેહભર્યુ, ભાવમય આમંત્રણ પાઠવી ધ્વજ આરોહણ કાર્યક્રમની ભવ્ય ઉજવણીની શરૂઆત કરવામાં આવી.

શ્રી દ્વારકાધીશની ઇચ્છાથી અમારી ધ્વજ આરોહણ વિધિ કાર્યક્રમના શરૂઆતના ભાગ રૂપે તા:- 03-12-2012ના રોજ સવારે 9:00 કલાકે દ્વારકા મુકામે પ્રજાપત સોરઠીયા ધર્મશાળામાંથી ભગવાનની ધ્વજાની પૂજાવિધિ કરી મંત્રોચ્ચાર, કર્યા પછી ત્યાંથી ભવ્ય વરઘોડા સાથે નાચતાં-કૂદતાં તથા રાસ રમતાં-રમતાં શ્રી ભગવાનના દ્વારે માન-સન્માન અને ભવ્ય શોભાયાત્રા બેંડવાજાના તાલ સાથે શ્રી કૃષ્ણભગવાનના મંદિરના મોક્ષદ્વારેથી ધ્વજ સાથે પ્રવેશ કરી ભગવાન દ્વારકાધીશની મંદિરની ચાર પ્રદક્ષિણા કરી મહારાજ દ્વારા ધૂન, મંત્રો, શ્લોકો અને સુત્રો બોલતાં-બોલતાં પ્રદક્ષિણા કરી. પછી ધ્વજા લઇ ઉપરના ભાગે થોડા સુધી અમુક સભ્યોને લઇ ગઇ પછી તેમના માણસો દ્વારા ધ્વજ આરોહણ કરવામાં આવી. આ રીતે પ્રથમ ધ્વજ આરોહણની વિધિ પૂર્ણ

કરવામાં આવી. આમ અમારી પાંચ વર્ષની પગ-પાળા યાત્રા ધજા આરોહણ કરી પરિપૂર્ણ કરવામાં આવી. આ સાથે પ્રવાસની યાદી તથા દ્વારકાધીશની ધજા આરોહણ કાર્યક્રમની ભવ્ય શોભાયાત્રાની સીડી તથા ફોટોગ્રાફી ઉપલબ્ધ છે.

: આશીર્વચન :-

શ્રી પૂજ્ય નાગરવેલ બાપજી :-

પૂજ્ય બાપજીએ આશીર્વાદ આપતાં કહ્યું કે આપ જે ભગવાનનું કાર્ય કરો છો તે ખૂબ ઉત્તમ છે. જીવનમાં આવા ઉત્તમ કાર્યો કરીને સમાજમાં પ્રેરણારૂપ બનો. ભગવાન તમારી બધી ઈચ્છાઓ પરિપૂર્ણ કરે આપના વતી હું ભગવાનની પાસે પ્રાર્થના કરીશ કે મોહિદાતાને આવા શુભ કાર્યો કરવાની પ્રભુ શક્તિ આપે. તથા દીર્ઘાયુ આપે. એવી પ્રભુ પાસે યાચના કરીશ. તેમના તરફથી 100/- રૂપિયા દાન-પેટીમાં (કળશ) મૂકવા મળેલ છે.

શ્રી પૂનમ બાપજી ઠીમા :-

શ્રી પૂનમ બાપજી ઠીમા તેઓ ધજા આરોહણ કાર્યક્રમમાં આવવાની ઈચ્છા વ્યક્ત કરેલ છે. તેમજ તેમણે આ શુભ કાર્યક્રમની ખૂબ-ખૂબ શુભકામનાઓ પાઠવી છે. તમો ભગવાનનું પવિત્ર સુંદર કાર્ય કરો છો. ભગવાન તમારા આવા પવિત્ર કાર્યની ચોક્કસ નોંધ લેશે. અને તેના પરમભક્તની મનોકામના પૂર્ણ કરશે. સારું ફળ આપે એવી પ્રભુને મારા વતી અંતઃકરણથી પ્રાર્થના કરું છું.

જય દ્વારકાધીશ:

શ્રી જયરામ આચરીયા ટીમ:-

મહારાજના આશીર્વાદના શબ્દો સાથે જે શ્રેષ્ઠ કાર્યમાં ભગવાનનો પાટોત્સવ કરો છો. તેમાં કોઇપણ વિઘ્ન વગર આપની પૂજા પાઠ તથા ધજા આરોહણ વિધિ સુખદ તથા શાંતિમય રીતે પૂર્ણ થાય. તથા આપની તમામ ઇચ્છાઓ મનોકામનાઓ ભગવાન પરિપૂર્ણ કરે. અને તમો સતત આજ રીતે શુદ્ધ ભાવથી ભગવાનનું કાર્ય કરતા રહેજો. એવી પ્રભુ આપને શક્તિ આપે એવી પ્રભુને હું પ્રાર્થના કરીશ.

આપના આ પવિત્ર કાર્યમાં મારી આવવાની ઇચ્છા ખૂબ હતી. પણ મારી તબિયત નરમ હોવાથી હું આપના શુભ પ્રસંગે દેવભૂમિ દ્વારકામાં ભગવાનના કાર્યમાં આવી શકું તેમ નથી. તેનું મને ખૂબજ દુઃખ છે. પણ તમોએ આ વેળાએ મને માન આપી આમંત્રણ આપ્યું તે બદલ આપનો હું ખૂબ આભારી છું.

આપનું કાર્ય શ્રેષ્ઠ છે. આવા શ્રેષ્ઠ કાર્યો કરી ધાર્મિકતાને વેગ આપતા રહેશો. એવી અપેક્ષાસહ...

જય દ્વારકાધીશ:

-: આયોજક :-

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ

શ્રી પટેલ અમરાભાઈ રાંમાભાઈ

ધજા વિધિ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોની યાદી

મહારાજ, પાડોશી, મોશાળપક્ષ, માસી, ફોઇપક્ષ, મિત્ર વર્ગ, સંબંધીઓ, ધર્મની બહેન, ગરીબ, આગેવાનો, વડીલો વગેરે...

વ્યવસ્થા:-

બે ટ્રાવેલ્સ દ્વારા ૧૩૦ ધર્મપ્રેમી વ્યક્તિઓ તથા પાંચ બોલેરો ગાડીની વ્યવસ્થા કરી હતી.

દાતાશ્રી:- દેવરાજભાઈ ડી. પટેલ દ્વારા બે ટ્રાવેલ્સ કરવામાં આવી હતી.

જસરના સગાસબંધીઓ માટે બોલેરો ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જવાબદારી:-

શ્રી પટેલ કરશનભાઈ પદમાભાઈ
શ્રી પટેલ દાનાભાઈ હેમરાજભાઈ
શ્રી પટેલ અમરાભાઈ લક્ષ્મણભાઈ
શ્રી પટેલ પુંજાભાઈ નાનજીભાઈ

આસોદરના સગાસબંધીઓ માટે બોલેરો ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જવાબદારી:-

શ્રી પટેલ પ્રેમાભાઈ સેમાભાઈ
શ્રી પટેલ અંબાભાઈ હીરાભાઈ
શ્રી પટેલ રામાભાઈ મેઘજીભાઈ
શ્રી પટેલ જીવણભાઈ ગણેશભાઈ

લાખણી માર્કેટયાર્ડ વેપારી મિત્ર વર્ગ માટે બે બોલેરો ગાડીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

જવાબદારી:-

શ્રી બારોટ શ્રવણભાઈ
શ્રી પટેલ જોઈતાભાઈ રેવાભાઈ
શ્રી પટેલ પ્રહલાદભાઈ
શ્રી પટેલ વિક્રમભાઈ

શ્રી પટેલ રામજીભાઈ
શ્રી પટેલ રઘુભાઈ
શ્રી પટેલ જેશાભાઈ
શ્રી માળી રૂપાભાઈ
શ્રી ત્રિવેદી કૈલાશ

ડીસા LIC.:... વિભાગમાંથી ઉપસ્થિત રહેલની યાદી:-
શ્રી રાજગોર સાહેબ
શ્રી સાગરભાઈ ચાવડા
શ્રી પંડ્યાભાઈ
જેઓએ સ્વ. સાધન વ્યવસ્થા કરી હાજરી આપી હતી.

પાડોશી:-
શ્રી ઉગાભાઈ જોધાભાઈ
શ્રી આંબાભાઈ જેઠાભાઈ
શ્રી કાનજીભાઈ લવાભાઈ
શ્રી પરમાભાઈ નાનજીભાઈ
શ્રી વિષ્ણુભાઈ ભાયચંદભાઈ

આમ આ રીતે પાંચમી પગપાળા યાત્રાની પૂર્ણાહુતિ કરવામાં આવી...

આમ દ્વારકાધીશની ધજાવિધિ કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ શ્રી જયરામભાઈ બાપુને ડીસા મળવા ગયા. મુલાકાતની તારીખ:- 16/11/2012 કારતક સુદ-૩ શુક્રવારે સવારે 10:00 થી બપોરે 2:00 કલાક સુધી... બાપુ સાથે બેસી દ્વારકાધીશ ધજા આરોહણ વિધિ કાર્યક્રમની ચર્ચા કરી આશીર્વાદ લીધા....

{ લખનાર:- શ્રી પટેલ ત્રિકમભાઈ કરશનભાઈ
(ગણતાવાળા)

# * છઠ્ઠી પગપાળા યાત્રા:- લાખણીથી દ્વારકા

છઠ્ઠી પગપાળા યાત્રા તા:- 29-11-2013 થી 9-12-13 સુધી દિન 10 (દસ)

-: ગાડી સાથેની યાત્રા:-

આજ રોજ તા: 29-11-2013 ને શુક્રવારના સવારે લગભગ 4:00 કલાકે શ્રી કુળદેવતા તથા ઉગાળજમાતાજીના દર્શન તથા આશીર્વાદ લઈ અમારી યાત્રાને લીલીઝંડી આપી...

યાત્રાની શરૂઆત લાખણીથી લવાણા, ડોસરવાડા, ભાભર બપોરે 2:00 કલાકે આવ્યા. બપોરનું ભોજન ભાભરમાં લીધું. ત્યાંથી રાબેતા મુજબ આગળ ચાલતાં સાંજે અમે તેનાવાડા પ્રા. શાળામાં રાત્રિરોકાણ તથા ભોજન કર્યું.

તા:- 30-11-2013 ને શનિવારના બીજા દિવસે સવારે 3:30 કલાકે ત્યાંથી નિકળી બપોરે સિધાડા પહોંચ્યા ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી આગળ ચાલતા સાંતલપુર આવી પહોંચ્યા. ત્યાં લોહાણાસમાજની વિદ્યાર્થી ભવનમાં ભોજન બનાવી ભોજન લીધું અને રાત્રિરોકાણ પણ ત્યાં જ કર્યું.

તા: 1-12-2013 ને રવિવારના ત્રીજા દિવસે સાંતલપુરથી સવારે 3:30 કલાકે ચા-પાણી કરીને ચાલવાનું શરૂ કર્યું. ત્યાંથી આગળ આહીર દાદાને ત્યાં થોડો વિરામ કરી ચા-નાસ્તો કર્યો. ત્યાંથી 12:00 કલાકે આડિસર આવી પહોંચ્યા. બપોરનું ભોજન ત્યાં લીધું. ત્યાંથી આગળ ચાલ્યા લગભગ 7:00 કલાકે ગાગોદર આવ્યા. ત્યાં શ્રી હનુમાન દાદાના મંદિરે દર્શન કરી ત્યાં જ જમવાનું બનાવી ભોજન લીધું અને રાત્રિરોકાણ પણ ત્યાં જ કર્યું.

સફળતાનો એ રસ્તો છે.
ગમતું કામ કરો, અથવા
કામને ગમતું કરો.

ભોજન બનાવી રાત્રી રોકાણ ત્યાં કર્યું.

તા: 6-12-2013 ને ગુરુવારના આઠમા દિવસે રામાપીર આશ્રમથી યાત્રા આગળ ચાલુ કરી. બપોરે પાવડી રિલાયંસ પંપની પાસે બપોરનું ભોજન બનાવી ભોજન લીધું. બાદ ત્યાંથી યાત્રા આગળ શરૂ કરી. સાંજે સીતારામ આશ્રમે આવી પહોંચ્યા, ત્યાં જગ્યા સારી હોવાથી ત્યાં ભોજનની વ્યવસ્થા કરી. જમવાનું જમીને ત્યાંજ રાત્રી રોકાણ કર્યું.

તા: 7:12: 2013 ને શનિવારના નવમા દિવસે સવારે લગભગ 2:30 કલાકે સીતારામ આશ્રમેથી નીકળ્યા. બપોરે 2:30 કલાકે સવદાસ આહીરને ત્યાં વાડીમાં બપોરના ભોજનની વ્યવસ્થા કરી, ભોજન કર્યું. ભોજન બાદ ત્યાંથી નિત્યક્રમ મુજબ યાત્રા આગળ વધારી સાંજે લગભગ 7:00 કલાકે પાલાભાયાની વાડીમાં રાત્રનું ભોજન બનાવી. ભોજન લઈને ત્યાં જ રાત્રી-રોકાણ કર્યું.

તા: 8-12-2013 ને રવિવારને દસમા દિવસે સવારે 7:00 કલાકે પાલા ભાયા વાડીથી યાત્રા આગળ શરૂ કરી. લગભગ બપોરે 12:00 કલાકે દ્વારકામાં પ્રવેશ કર્યો. દ્વારકા પ્રવેશ કરી પછી અમે સોરઠીયા પ્રજાપતિ ધર્મશાળામાં આશરો લીધો, ત્યાંથી અમે ગોમતી સ્નાન માટે ગોમતીઘાટ ગયા, ત્યાં સ્નાન કરી અમે પવિત્ર થયા. પછી લગભગ સાંજે 5:00 કલાકે મોક્ષ દ્વારેથી મંદિરમાં પ્રવેશ કરી ભગવાનના દર્શન કર્યા. સાંજે ભગવાનની શયન આરતીનો લાભ લીધો. અને ભગવાનને અમારી છઠ્ઠી પગપાળા યાત્રાની પૂર્ણાહૂતિ કરી પછી ત્યાંથી અમે બજારમાં જઈ થોડો પ્રસાદ લઈ તથા ખરીદી કરી, અને ધર્મશાળામાં પરત આવ્યા, હોટલમાં ભોજન લીધું અને રાતે અમે સૂઈ ગયા.

॥ શ્રી દ્વારકાધીશો વિજયતે ॥

સં'આઆજામ/તક/II(b)/80G/05-64/07-08/1019
Pan No. Aahts 7843 N ☎ 234105/236505

પાવતી A

"ધ્વજાજી" No 005971 તા. [illegible] -૧૨-૨૦૧૩

## શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત, દ્વારકા.

[ગુ. રા. પ. ચે. ટ્રસ્ટ રજી. નં. એ. ૫૩ જામનગર]

નામ લેહરૂ લાલજીભાઈ કાળાભાઈ

| | રકમ રૂ. | |
|---|---|---|
| ધ્વજા લાગાના .... | ૧૫૦૦/- | તા ૨૮-૧૧-૨૦૧૭ |
| ધ્વજા ડીપોઝીટ .... | ૪૫૦૦/- | ધ્વજાને ૩ (પ્રહર) |
| | | |
| | | |
| કુલ ... | ૬૦૦૦/- | |

અંકે રૂપીઆ ૬ હજાર પૂરા F૭૯-૭૫

સ્વીકારેલ છે.

ખાસ નોંધ :- ખાસ સંજોગોમાં ધ્વજાજીનાં ક્રમમાં તથા તારીખમાં ફેરફાર કરવાનો અધિકાર સંસ્થાના પ્રમુખનો રહેશે.

વસુલ લેનાર

તા:- 9-12-2013 ને સોમવારના અગિયારમા દિવસે સવારે 4:30 કલાકે ઉત્થાન કર્યું. પછી ગોમતીના પવિત્ર જળથી સ્નાન કર્યું. અને પછી ભગવાન દ્વારકા-ધીશના મોક્ષ દ્વારેથી પ્રવેશ કરી દર્શન કર્યા. તથા મંગળા આરતીમાં ભાગ લીધો. પછી ભગવાનના ખૂબજ નજીકથી દર્શન કરી આશીર્વાદ લઈ આવનારી અમારી સાતમી પગપાળા યાત્રા કરવાની પ્રભુ અમને શક્તિ આપશે. એવી પ્રભુને પ્રાર્થના કરી. પછી ત્યાંથી અમો ગોમતીઘાટ પર આવી સંકલ્પ વિધિ તથા પૂજા કરી. ગોર મહારાજ શ્રી તેજશ ઠાકર દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી. પછી અમે રુક્ષમણી માતાજીના દર્શન કર્યા. પછી હોડી મારફતે બેટ દ્વારકા ગયા. ભગવાન શ્રી કૃષ્ણના દર્શન કર્યા. ત્યાંથી પરત ગોપીતળાવ, નાગેશ્વર મહાદેવના દર્શન કર્યા. પછી રાત્રે 10:00 કલાકે ગાડીના માધ્યમથી લાખણી મુકામે પરત આવ્યા. આમ સુખદ રીતે છઠ્ઠી પગ-પાળા યાત્રા પૂર્ણ કરી.

જય ગિરધર ગોપાલ

યાત્રાળુંઃ-

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ
શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ
શ્રી પટેલ ત્રીકમાભાઈ કરશનભાઈ
શ્રી જેવતાભાઈ શીવાભાઈ પટેલ

ડ્રાઈવરઃ- શ્રી તેજગર સ્વામી
રસોઇયાઃ- શ્રી બાબુજી ઠાકોર

## શ્રી હરિદ્વાર પ્રવાસ યાત્રાઃ- 2014

શ્રી હરિદ્વાર યાત્રા તાઃ 03-08-2014 તારીખ 07-08-2014 સુધી દિન-પાંચ

ભારતીય દર્શનીય સ્થળ 'હરિદ્વાર' ના દર્શન અને તેનો મહિમા જાણીએ:-

હરિદ્વાર હિંદુઓના ધાર્મિક સ્થળોમાંથી એક છે. હરિદ્વાર એ સ્થળ છે. જ્યાં ગંગાનદી પહાડોમાંથી મેદાનોમાં પ્રવેશે છે. ભારતીય સંસ્કૃતિમાં પણ આનું મહત્વ છે. હરિદ્વારમાં સૌથી મોટો 'કુંભનો મેળો' પણ આયોજિત કરવામાં આવે છે.

હરિદ્વારનો શાબ્દિક અર્થ ભગવાન સુધી પહોંચવાનો માર્ગ થાય છે. ઉત્તરાખંડની પહાડીઓ વચ્ચે સ્થિત આ પ્રમુખ તીર્થ સ્થળ છે. અહીં વૈષ્ણોદેવી મંદિર, કેદારનાથ, બદ્રીનાથ, ઋષિકેશ, અને હિંદુ ધર્મમાં માનવામાં આવતાં ચાર ધામની યાત્રાના સ્થળો પણ આવેલા છે.


હરિદ્વારમાં સંધ્યા સમયે ગંગાનદીના દર્શન તથા આરતી દર્શન મનમાં વસી જશે. એ જોતા- એવું લાગે કે અહીં દરરોજ તહેવાર ઉજવાય છે.

પાવન ગંગામાં સ્નાન કરી જન્મોજન્મના પાપ નષ્ટ કર્યાં. અહીં શંકરભગવાનની પવિત્ર પ્રતિમાના દર્શન કર્યાં. અને ધન્ય થયા.

હરિદ્વારની શિવાલિક પહાડીઓ પર મનસા દેવીનું મંદિર આવેલ છે. આ મંદિર પણ ભવ્ય છે. અમે તેના દર્શન કરી ધન્ય થયા.

હરિદ્વાર ભારત દેશના ઉત્તર ભાગમાં આવેલા પર્વતીય ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ઉત્તરાંચલ રાજ્યના હરદ્વાર જિલ્લામાં આવેલુ છે. જેનો વહિવટ નગર નિગમ બોર્ડ કરે છે.

સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક હરદ્વાર ગણાય છે. જેના દર્શન કરી કંઈક જોયું, જાણ્યું



એવા પ્રસન્ન થાય છે. હરિદ્વાર સમુદ્રની સપાટીથી 3139 મીટરની ઊંચાઈ પર સ્થિત છે. ગંગા નદીના મુખ (ગંગોત્રી હિમ શિખર) થી 253 કિલોમીટરની પહાડોમાં સફર ખેડી ગંગા નદી હરિદ્વાર આગળથી મેદાની ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. આથી જ હરિદ્વારને ગંગાદ્વારના નામથી પણ ઓળખવામાં આવે છે.

## હરિદ્વારનો ઈતિહાસ અને વર્તમાન :-

હરિદ્વાર એ પ્રકૃતિ પ્રેમીઓ માટે સ્વર્ગ સમાન છે. હરિદ્વારનો પૌરાણિક કથાઓમાં કપિલસ્થાન, ગંગાદ્વાર, તેમજ માયાપુરીના નામે કરવામાં આવેલ છે. ચારધામ યાત્રા માટેનું પ્રવેશદ્વાર છે.

હર એટલે શિવ અને હરિ એટલે વિષ્ણુ. મહાભારતના વનપર્વમાં ધૌમ્યઋષિ, યુધિષ્ઠિરને તીર્થસ્થળો વિશે કહે છે. ત્યાર એ વેળાએ ગંગાદ્વાર અર્થાત હરિદ્વાર અને કનખલ તીર્થોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ભગવાન વિષ્ણુએ એક પથ્થર પર પોતાનાં પદ ચિહ્નોની છાપ રાખી છે. જે હર કી પેડીમાં એક ઉપરી દિવાલ સ્થાપિત છે. જ્યાં નિત્ય પવિત્ર ગંગાજી એને પાવન કરતી રહે છે.

ગંગા સ્ત્રીલીંગ છે. એટલા માટે તેની લાંબા વાળવાળી મહિલાના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે. તે પવિત્ર છે. પાપ ધોઈ નાખનારી છે. તેથી ભાગ્યશાળી હોય તેની ભસ્મ તેના પવિત્ર જળમાં પધરાવવામાં આવે છે.

જે વ્યક્તિ આ પવિત્ર જળમાં આર્દ્ર હવામાં શ્વાસ પણ લઈ લેશે તે નિષ્કલંક થઈ જશે. ગંગાના દિવ્ય શરીરના સ્પર્શ માત્રથી વ્યક્તિ પવિત્ર

થઈ જાય છે. ગંગા સ્વર્ગ લોકથી ઉતરી છે.

જોવાની ફરવાની અને ભાવ-વિભોર થવાની જે મજા હિમાલયમાં છે. એવી બીજે ક્યાંય નથી. આંખો અને હૃદયને ઠારી દે એવા દ્રશ્યો તમને ચારેકોર જોવા મળશે.

ગંગાનદીના નામો જોઈએ ભાગીરથી, જાહ્નવી, ભીલગંગા, મંદાકિની, ઋષિગંગા, સરસ્વતી, અલકનંદા

આ બધા નદીઓ દેવપ્રયાગમાં આવીને મળે છે. અને સાત ધારાઓ એક થઈને ગંગાના રૂપમાં સાતે-સાત દિવસ સદાયને માટે સંસારને સુખ, શાંતિ, પ્રદાન કરવા માટે આ ધરા પર વહેતી જ રહેતી હોય છે.

ગંગોત્રી મંદિર → ઉત્તરકાશીથી 100 કિલોમીટરની દૂરી પર પવિત્ર ગંગોત્રી તીર્થ આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક બંન્ને રીતે મહત્ત્વપૂર્ણ છે. 3140 મીટરની ઊંચાઈ, શ્યામ રંગનું ભવ્ય મંદિર જેમાં ગંગાદેવીની સોનાની દિવ્યમૂર્તિ વિદ્યમાન છે. મંદિરનું નિર્માણ 18 મી શતાબ્દીમાં ગોરખા જનરલ અમરસિંહ થાપરે કરાવ્યું હતું.

આમ અમે પાંચ દિવસનો શ્રી હરિદ્વારનો પ્રવાસ સુખદ રીતે આનંદથી પૂર્ણ કર્યો. હરિદ્વારમાં હોટલમાં રહેવાનું ભાડું 2250/- રૂપિયા આપ્યા હતા. તા: 04-08-2014 ના દિવસે.

યાત્રાળુ:-

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ

શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ

જય હરિકે

# સાતમી પગપાળા યાત્રા લાખણીથી દ્વારકા:-

સાતમી શ્રી દ્વારકાધીશની પગપાળા યાત્રા તારીખ:-
19-12-2014 થી તા: 28-12-2014 દિન - દસ

તા:- 19-12-2014 ને બુધવારના પ્રથમ દિવસે સવારે ૩:45 કલાકે શ્રી કુળદેવતા તથા હિંગળાજ માતાજીના દર્શન કરી આશીર્વાદ લઈ અમારી સાતમી દ્વારકાધીશની પગપાળા યાત્રાનો પ્રારંભ કર્યો. લાખણીથી વહેલી સવારે નીકળ્યા લગભગ સવારે 2:30 કલાકે ભાભર પહોંચ્યા ત્યાં ભોજન લીધું. ભોજન બાદ આગળ ચાલ્યા 5:00 કલાકે બેડા પહોંચ્યા. બેડામાં શ્રી વાલજીભાઈને ત્યાં ભોજન અને રાત્રિ રોકાણ કર્યું: M-No:- 9879070192

તા:- 20-12-2014 ને ગુરુવારના બીજા દિવસે સવારે ૩:20 કલાકે શ્રી વાલજીભાઈના ત્યાંથી નીકળી લગભગ 11:00 કલાકે ગઢ આવી પહોંચ્યા. ત્યાં ગોગા મહારાજના દર્શન કર્યા. ભોજન લીધું થોડો આરામ લીધા બાદ ત્યાંથી આગળ ચાલ્યા. સાંજે 6:00 કલાકે બળદેવભાઈ રામજીભાઈને ત્યાં આવ્યા. રાત્રીનું ભોજન તથા રાત્રી-રોકાણ રામ ધૂન સાથે ત્યાં જ કર્યું-No: 9909869397

તા: 21-12-2014 ને શુક્રવારના ત્રીજા દિવસે સવારે 5:30 કલાકે સિધાડા હાઈવે પર હોટલમાં ચા-નાસ્તો કરી આગળ જવા રવાના થયા. બપોરે લગભગ સાંતલપુર પંજાબ ઢાબા હોટલમાં ભોજન લીધું. ત્યાંથી આગળ સાંજે 4:00 વાગે અમે આડેસર આવ્યા. ત્યાં ગોકુલ હોટલમાં ભોજન કરી ચાલતા થયાં રાત્રે મોડા સુધી ચાલતાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં આવી પહોંચ્યા. પછી અમે રાત્રિ રોકાણ ત્યાં જ કર્યું.

તા:- 22-12-2014 ને શનિવારના ચોથા દિવસે સવારે 4:00 કલાકે ઊઠી ફ્રેશ થઈ તાજગી અને ઉમંગ સાથે યાત્રા આગળ ચાલુ કરી. લગભગ 11:00 કલાકે ગાંગોદર આવી પહોંચ્યા. ત્યાં શિવ-શક્તિ આઈમાતા હોટલ શ્રી વિષ્ણુભાઈ પ્રજાપતિને ત્યાં ભોજન તથા



સ્નાન વિધિ પૂર્ણ કરી. ત્યાંથી અમારી યાત્રા આગળ રૂટ પ્રમાણે વધી. ત્યાંથી મેઘજીભાઈને ત્યાં ચા-નાસ્તો કર્યા બાદ આગળ અમો સાંજે 7:00 કલાકે પોલીસ ચોકડી સૂરજ બારી આવી પહોંચ્યા. ત્યાં હોટલમાં ભોજન કર્યું. પછી ટોલનાકાએ આવીને રાત્રિ-રોકાણ કર્યું.

તાઃ- 23-12-2014ને રવિવારના પાંચમા દિવસે સવારે 5:15 કલાકે ત્યાંથી યાત્રા આગળ શરૂ કરી પછી લગભગ 7:00 કલાકે હરિપુરા ગામે આવી. ચા-નાસ્તો કર્યા પછી ત્યાંથી આગળ જઈને અવધ હોટલમાં પરોઠાનો નાસ્તો કર્યો. ત્યાંથી આગળ રૂટ પ્રમાણે બપોરે પંજાબી કિશ્ના હોટલમાં ભોજન તથા સ્નાન કરી થોડો આરામ કરી આગળ યાત્રા શરૂ કરી. માળિયા, સરવર, ચીખલીયા 5:00 કલાકે આવી પહોંચ્યા. ત્યાં ચોકડી પર ચા-નાસ્તો કર્યો. અને સાંજે 7:15 કલાકે સંત દેવળ આશ્રમે પહોંચી ત્યાં રાત્રી ભોજન અને રોકાણ કર્યું.

તા: 24-12-2014ને સોમવારના છઠ્ઠા દિવસે સવારે 6:30 કલાકે તૈયાર થઈ યાત્રા આગળ શરૂ કરી. લગભગ 9:00 કલાકે દૂધઈ આવી પહોંચ્યા. ત્યાં ચા-નાસ્તો કર્યો. અને થોડો વિશ્રામ કર્યો. ત્યાં આગળ ચાલતાં-ચાલતાં 12:00 કલાકે ગોકુલ હોટલમાં આવી બપોરનું ભોજન ત્યાં લીધું. ત્યાંથી યાત્રા આગળ ધપાવી ત્યાંથી આદેશ્વર બાપુ આશ્રમે આવી પહોંચ્યા. ત્યાંથી પછી 4:00 કલાકે અમે હાજમચોરા ગામે આવી થોડો આરામ કર્યો. ત્યાંથી યાત્રા આગળ શરૂ કરી ભાદરા ચોકડી પછી શ્રી અણદા આશ્રમે થી શાંત આશ્રમે જશવંત બાપુને ત્યાં આવી પહોંચ્યા. ત્યાં રાત્રીનું રોકાણ અને રાત્રીનું ભોજન લીધું.

તા:- 25-12-2014 ને મંગળવારના સાતમા દિવસે સવારે 6:00 કલાકે શ્રી અણદા આશ્રમેથી નીકળી સવારે 9:00 કલાકે હડિયાણા ચા-નાસ્તો કર્યો પછી ત્યાંથી આગળ યાત્રા શરૂ કરી. લગભગ 11:00 કલાકે અથાણા શ્રી ઈશ્વરદાન આશ્રમે આવી સ્નાન કર્યું. અને પછી ભોજનનો પ્રસાદ લીધો. અને થોડો આરામ કર્યો. પછી રૂટ પ્રમાણે ત્યાંથી અમારી યાત્રા આગળ ધપાવી 5:15 કલાકે ધ્રુવાવ જામનગર પ્રવેશ કર્યો. અને રાત્રે 9:15 કલાકે શ્રી પંથી હોટલ બેડી થોડો આરામ કર્યો. પછી ભોજન કર્યું. અને પછી ત્યાંથી છોટે હરિદ્વાર આશ્રમે આવી પહોંચ્યા. રાત્રી રોકાણ ત્યાં કર્યું.

તા:- 26-12-2014 ને બુધવારના આઠમા દિવસે સવારે 2:30 કલાકે સ્નાન કરી ફ્રેશ થઈ. નવી ચેતના અને ઉમંગ સંગ શ્રી સીતારામ આશ્રમથી આગળ પગપાળા યાત્રા શરૂ કરી. બપોરનું ભોજન સિદ્ધિ હોટેલ-માં લીધું. બપોરના ભોજન પછી 3:15 કલાકે ખંભાળિયા ખોડિયાર આશ્રમમાં રાત્રીભોજન તથા રાત્રી રોકાણ કર્યું.

તા: 27-12-2014 ને ગુરૂવારના નવામા દિવસે સવારે 4:15 કલાકે નીકળી ત્યાંથી રૂટ પ્રમાણે આગળ 10:00 કલાકે લક્ષ્મીપર આહિર ફાર્મ વાડીમાં આવી સ્નાન પાણી કર્યો. બાદ ત્યાંથી નિત્યક્રમ મુજબ બપોરે 2:00 કલાકે શ્રી રામરોટી આશ્રમ જુવાનપુર વજાલગતને ત્યાં સંઘનો પ્રસાદ લીધો. ત્યાંથી આગળ લગભગ 4:00 કલાકે લીંબડી જવા રવાના થયા. પછી સાંજે 7:10 કલાકે શ્રી ચાલાબાપાની વાડી આવ્યા. ત્યાં રાત્રી ભોજન લઈ ત્યાં આરામ કર્યો.

તા: 28-12-2014 ને શુક્રવારના દસમા દિવસે સવારે 7:15 કલાકે દ્વારકામાં પ્રવેશ કર્યો. પ્રવેશ બાદ

સોરઠીયા પ્રજાપતિ ધર્મશાળામાં આશરો લીધો. ત્યાં સામાન મુકી ગોમતી નદીના પવિત્ર નીરથી સ્નાન કરી. ભગવાન દ્વારકાધીશના સવારે 9:15 કલાકે મોક્ષ દ્વારેથી પ્રવેશ કર્યો. દર્શન કર્યા. અને આશીર્વાદ લીધા. અને અમારી સાતમી પગપાળા યાત્રાનો સ્વીકાર કરો એવી પ્રભુને પ્રાર્થના કરી.

પછી અમે ધર્મશાળામાં પરત આવી. પછી ત્યાંથી અમે આગળ રુક્ષમણી માતાજીના દર્શન કરવા ગયા. દર્શન કરી પછી ત્યાંથી લાખણી મુકામે પરત આવવા નીકળ્યા. આમ અમોએ અમારી સાતમી પગપાળા યાત્રા પૂર્ણ કરી.....

યાત્રાળુ :-

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ
શ્રી પટેલ કાનજીભાઈ ભલાભાઈ
શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ
શ્રી પટેલ હરીભાઈ કાનજીભાઈ

જય દ્વારકેશ






અમરનાથ યાત્રા ૧૭.૦૭.૨૦૧૫
idea

# શ્રી અમરનાથ યાત્રા... 2015

શ્રી અમરનાથ યાત્રા તા: 13-07-2015 થી તારીખ:
23-07-15 દિન - 11 (અગિયાર દિવસ)

શ્રી અમરનાથ યાત્રા જવા માટે તા: 13-07-2015 ના રોજે સવારે 10:00 કલાકે શ્રી કુળદેવતા તથા હીંગળાજ માતાજીના દર્શન તથા આશીર્વાદ લઈને લાખણીથી નીકળ્યા પાલનપુર 12:00 કલાકે આવી ત્યાં બનાસ હોટલમાં ભોજન કર્યું. પછી પાલનપુરથી અમે 2:30 કલાકે જમ્મુ-અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનમાં બેસી રવાના થયા.

તા: 14-07-2015ને બીજા દિવસે સવારે ભટીંડા ત્યાં ચા-નાસ્તો કરી ટ્રેનમાં મુસાફરી કરી. પછી સાંજે 7:30 કલાકે જમ્મુ રેલ્વે સ્ટેશને ઉતર્યા. પછી ભગવતી નગર (ટ્રાવેલ્સ સ્ટેશન) યાત્રાળુ ઉતારા પર રોકાણ વિશાળ ભંડાર ભોજન કર્યું. ત્યાંથી JKSTC બસ ટીકીટ બુક કરાવી. 507 × 5 = 2535 રૂપયા આપ્યા.

તા: 15-07-2015ને ત્રીજા દિવસે અમો સવારે ચા-નાસ્તો કરી પછી જમ્મુ ભગવતી નગરથી 5:00 કલાકે આગળ જવા રવાના થયા. સાંજે 9:00 કલાકે શ્રી નગરથી આગળ 25 KM વિશાળ ભંડાર રાત્રી રોકાણ ટ્રેન્ટમાં કર્યું.

તા: 16-07-2015ને ચોથા દિવસે સવારે 5:00 કલાકે ચા-નાસ્તો કરી બાલતાણીથી પગપાળા અમરનાથ જવા નીકળ્યા. પરંતુ અમરનાથ જવા માટે સવારે 11:00 કલાક સુધી આગળ ગેટ ચાલુ હોય છે. પછી બંધ કરી દેવામાં આવે છે. તેથી મોડું થવાથી પાછા આવ્યા. અને પછી નવો ટ્રેન્ટ ભાડે રાખી સ્નાન કર્યું ભોજન કર્યું ત્યાં રાત્રી રોકાણ કર્યું.

તા: 17-07-2015ને પાંચમા દિવસે સવારે 5:00 કલાકે બાલતાણીથી પગપાળા યાત્રા શરૂ કરી. બપોરે 12:00 કલાકે અમરનાથ પહોંચ્યા. પછી સ્નાન-પાણી કરી અમરનાથ દર્શન કર્યા. પછી બે પારેવા દર્શન કરેલ સફેદ અને વાદળી.




Rojshree

અમરનાથથી બપોર પછી 2:00 કલાકે રવાના થયા. સાંજે 7:00 કલાકે બાલતાલ પહોંચ્યા.

તા: 18-07-2015 ને છઠ્ઠા દિવસે સવારે ચા-નાસ્તો કરી. સવારે લગભગ 10:00 કલાકે બાલતાલથી ઘોડા ઉપર બેસી રવાના 1:00 કલાકે સોનમર્ગ પહોંચ્યા, પછી સાંજે 6:00 કલાકે શ્રીનગર પહોંચ્યા. 6:15 કલાકે શ્રીનગરથી ટ્વેરા ગાડીમાં રવાના થયા.

તા: 19-07-2015 ને સાતમા દિવસે સવારે 5:00 કલાકે કટરા પહોંચ્યા. પછી શ્રી રાજશ્રી હોટલમાં જઈ સ્નાન કરી ફ્રેશ થઈ. વૈષ્ણોદેવી દર્શન કરવા પગપાળા જવા રવાના થયા. સાંજે 6:00 કલાકે વૈષ્ણોદેવી દર્શન તથા ભૈરવદર્શન કરી પછી 6:30 કલાકે કટરા પરત ફરેલ પછી રાત્રી ભોજન અમે અપના હોટલમાં કર્યું.

તા: 20-07-2015 ને આઠમા દિવસે સવારે 5:00 કલાકે સ્નાન-પાણી કરી કટરાથી જમ્મુ આવવા રવાના થયા. સવારે 9:00 કલાકે જમ્મુ આવી પહોંચ્યા, જમ્મુથી 9:45 કલાકે ટ્રાવેલ્સ દ્વારા અમૃતસર આવવા રવાના થયા. બપોરે 3:00 કલાકે અમૃતસર આવી પહોંચ્યા, પછી બપોરે 3:10 કલાકે અમૃતસરથી બયાસ જવા રવાના (રાધાસ્વામી) ડેરા 5:00 કલાકે રાધાસ્વામી આવી પહોંચ્યા, પછી ત્યાં રાત્રી ભોજન રાધાસ્વામી ડેરામાં કર્યું.

તા: 21-07-2015 ને નવમા દિવસે સવારે 4:00 કલાકે સ્નાન પાણી પછી ત્યાંથી આગળ નીકળ્યા. સવારે 6:00 કલાકે અમૃતસરમાં અમન ગેસ્ટ હાઉસમાં થોડો આરામ બાદ વાઘા બોર્ડરની મુલાકાતે ગયા. વાઘા બોર્ડર ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ માટે 7:30 કલાકે ગયા પછી સુવર્ણમંદિર દર્શન, જલિયાવાલા બાગ, પછી બપોરે અમૃતસરથી બ્યાસ જવા રવાના થયા. (રાધાસ્વામી) ડેરા 5:00 કલાકે પહોંચી રાત્રી-ભોજન ત્યાં કર્યું.

તા: 23-07-2015 ને અગિયારમા દિવસે સવારે



4:00 કલાકે સ્નાન કરી પછી ચા-નાસ્તો કરી અમે 6:00 કલાકે ડેરા આવ્યા પછી ત્યાં ચા-નાસ્તો કરી. ત્યાંથી રેલ્વેમાં 7:30 કલાકે જલધર રેલ્વે સ્ટેશન જલધરમાં અમે હવેલીભાઈ દર્શન તથા સાયન્સસીટી મુલાકાત લીધી. પછી અમે રેલ્વેમાં લગભગ 2:00 કલાકે પાલનપુર આવવા માટે રવાના થયા. આમ અમે આ રીતે અમારી અગિયાર દિવસની શ્રી અમરનાથ યાત્રા પ્રવાસની સફર પૂર્ણ કરી.

શ્રી અમરનાથજી યાત્રા વિશે આછી ઝલક....

આ યાત્રા કઠિન યાત્રા છે. પહાડી રસ્તાઓ થઈને જાય છે. હિમાલય પર્વતના દક્ષિણ કાશ્મીરમાં 13,500 ફૂટ ઊંચાઈ પર છે. આટલી વધારે ઊંચાઈ હોવાથી યાત્રાના માર્ગમાં તથા પવિત્ર ગુફામાં ઓક્સિજનની માત્રા મેદાની પ્રદેશની તુલનામાં ઓછી હોઈ શકે છે. યાત્રા માર્ગમાં અચાનક વરસાદ અને હિમપાતમાં ફેરફાર વાતાવરણનો થઈ શકે છે. અને તાપમાન અચાનક 5 ડીગ્રી સેલ્સિયસ થી ઓછું થઈ શકે છે.

શ્રી અમરનાથ ગુફા સુધી પહોંચવાના બે માર્ગ છે.

(1) પહલમાર્ગ → 32 KM

(૨) બાલટાલ માર્ગ - 14 KM

યાત્રાળુ:-

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ
શ્રી પટેલ ઉમેદભાઈ રામાભાઈ
શ્રી પટેલ ગંગાભાઈ રામાભાઈ
શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ
શ્રી પટેલ દેવરામભાઈ (કટાવ)

પટેલ અમરાભાઈ

## આઠમી પગપાળા યાત્રાઃ- લાખણીથી દ્વારકા

આઠમી દ્વારકાધામની પગપાળા યાત્રા તાઃ 14-12-15થી તાઃ 25-12-2015 સુધી દિન-12

આજ રોજ તાઃ 14-12-2015ને પ્રથમ દિવસે સવારે 4:00 કલાકે શ્રી કુળદેવતા તેમજ શ્રી ડુંગળાજ માતાજીના દર્શન કરી આશીર્વાદ લઈ અમારી યાત્રાની શરૂઆત કરી. લાખણીથી જુમડા, ભાભર, બપોર થતાં આનંદ હોટલમાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી આગળ ચાલ્યા બેડા પહોંચ્યા. બેડામાં નાયીને ત્યાં રાત્રીરોકાણ કર્યું.

તાઃ 15-12-2015ને બીજા દિવસે સવારે વહેલા ઉઠીને ચાલતા થયા. દિદરવા, ગઢા બપોરે પહોંચ્યા. ત્યાં ભોજન લીધું. પછી શ્રી ગોગા મહારાજના મંદિરે જઈ દર્શન કરી. થોડો રેસ્ટ લીધો. પછી અમે સાંજે સાંતલપુર આવી પહોંચ્યા ત્યાં કમલ હોટલમાં ભોજન લઈ પછી આગળ લુહાણા સમાજની વાડીમાં રાત્રીનું રોકાણ કર્યું.

તાઃ 16-12-2015ને ત્રીજા દિવસે સવારે 4:00 કલાકે સાંતલપુરથી રવાના થયા. રૂઝા, આહીરદાદા થઈ આડેસરમાં આવી એકતા હોટલમાં બપોરનું ભોજન લીધું. આડેસરથી માખેલ, પલાસવામાં રાત્રી ભોજન શ્રી ચિટ્ઠુભાઈ પ્રજાપતિની હોટલમાં ભોજન લીધું. અને રાત્રી રોકાણ ગાંગોદરમાં કર્યું.

તાઃ 17-12-2015ને ચોથા દિવસે સવારે 4:15 કલાકે ગાંગોદરથી નીકળી ચોરીયાળી, રાણાબા આવી પહોંચ્યા. ત્યાં બપોરે ચા-નાસ્તો કરી પછી સૂરજબારી પૂલ આવ્યા. પછી જામનગર નાગડાવાસ હોટલમાં ભોજન તથા સરકારી બસમાં રાત્રી રોકાણ કર્યું.

તાઃ 18-12-2015 ને પાંચમા દિવસે સોનગઢથી સવારે 4:00 કલાકે રવાના થયા. સરવર પછી બપોરે પીપળીયાથી ચોકડી પર ભોજન પછી ત્યાંથી આમરણ, ધાર થી જામ દુધઈ આવી અમે રાત્રી રોકાણ કર્યું. પણ રાત્રી ભોજન વ્યવસ્થા ન મળતાં બધાં એ ઉપવાસ કર્યા.



તા: 19-12-2015ને છઠ્ઠા દિવસે જામદુધઈથી મોરાણા, ધાર, હાજમચોરા થઈ બપોરે આદર ચોકડી આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી લીંબુડા, હડીયાણા, શ્રી ખીરી આશ્રમ ત્યાંથી રામરોટી આશ્રમે રાત્રીભોજન અને રાત્રી રોકાણ કર્યું.

તા: 20-12-2015ને સાતમા દિવસે રામરોટી આશ્રમેથી સવારે 5:00 કલાકે નીકળી સચાણા, ખીજડીયા બપોરે જામનગર આવી બજારમાં જમ્યા. પછી દ્વારકાધીશ હાઈવે નીકળ્યા. સાંજે પંથ હોટલમાં જમ્યા. પછી છોટે હરિદ્વાર આશ્રમમાં આવી રાત્રી રોકાણ કર્યું.

તા: 21-08-2015ને આઠમા દિવસે છોટે હરિદ્વાર આશ્રમેથી સવારે 4:30 કલાકે નીકળ્યા પછી ખાવડી રિલાયંસ આવ્યા. ત્યાં ભોજન લઈ પછી ખંભાળિયાથી હજરાપર આવ્યા. ત્યાં ભોજન લઈ ત્યાં રાત્રી રોકાણ કર્યું.

તા: 22-12-2015ને નવમા દિવસે સવારે 3:00 કલાકે હજરાપરથી રવાના થયા. બપોરે એક આશ્રમે આવીને સ્નાન કરી બપોરનું ભોજન લીધું. પછી ત્યાંથી આગળ ચાલ્યા સાંજે પાલાબાપાની વાડી આવી પછી ત્યાં રાત્રી-ભોજન તથા રાત્રી રોકાણ કર્યું.

તા: 23-12-2015ને સવારે 3:00 કલાકે પાલાબાપા ના આશ્રમેથી આગળ ચાલ્યા. ચરકલા, દ્વારકા આવી પહોંચ્યા. સવારે 10:00 કલાકે દર્શન કરી બપોરનું ભોજન હોટલમાં લીધું. પછી નાગેશ્વર મહાદેવનાં દર્શન કર્યા. સાંજે પાછા રાત્રી આરતી તથા દર્શન કર્યા. પછી સોરઠીયા પ્રજાપતિ સમાજની ધર્મશાળામાં આશરો લીધો.

તા: 24-12-2015ને અગિયારમા દિવસે સવારે વહેલા ઉઠીને ગોમતી સ્નાન કર્યું. પછી ભગવાન દ્વારકાધીશના દર્શન કરી બસ મુસાફરીથી રાત્રે 12:00 કલાકે ટીંબા આવી પહોંચ્યા ત્યાં બાપજી પૂનમદાસના

નફરતને નફરતથી નથી
મિટાવી શકાતી. એને ફક્ત
પ્રેમથી ખતમ કરી શકાય છે.
સનાતન શાશ્વત નિયમ છે.

ગૌતમ બુદ્ધ

ગામ આસરા આશ્રમે રોકાયા.

તાઃ 25-12-2015 ને બારમા દિવસે સવારે ધરણીધર ભગવાનની આરતી તથા દર્શન કર્યા. પછી ત્યાંથી બસ પકડી લાખણી આવ્યા. આમ અમારી આઠમી પગપાળા યાત્રા પૂર્ણ કરી...

યાત્રાળું:–


શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ
શ્રી પટેલ દાનાભાઈ ધુડાભાઈ
શ્રી રાજપૂત સવજીભાઈ (લવાણા)
શ્રી રાજપૂત ભુરાભાઈ (લવાણા)
શ્રી રાજપૂત રાંણાભાઈ (લવાણા)

જય ઠાકર

ઈ સમાપ્ત....

## શ્રી અમરનાથ યાત્રા - 2016

શ્રી અમરનાથ યાત્રા તા:- 2-7-2016થી 9-7-2016



કથા સાંભળતી રહ્યા હતા. ત્યારે બે સફેદ કબૂતર કથા
સાંભળી રહ્યા હતા. વચ્ચે ઘૂ... ઘૂ...નો અવાજ કરી
રહ્યા હતા. શિવજીને લાગ્યું કે પાર્વતી કથા સાંભળી

# શ્રી અમરનાથ યાત્રાઃ- 2016

શ્રી અમરનાથ યાત્રા તાઃ- 2-7-2016થી 9-7-2016 સુધી દિન- 8 (આઠ) દિવસ....

આ યાત્રામાં સામેલ 20 વ્યક્તિઓનું લિસ્ટ સામેલ છે.

સ્થળઃ- ન્યુ દિલ્હી, અમરનાથ ગુફા, શ્રી નગર, શંકરાચાર્ય મંદિર....

શ્રી અમરનાથ ગુફા ભગવાન શિવના તીર્થ-સ્થળો પૈકી ખૂબ જ પ્રખ્યાત છે. આજે અમે અહીં જણાવી રહ્યા છીએ તે ગુફાની કથા અને તે કથાના રહસ્ય વિશે જેને સાંભળીને કોઈ પણ પ્રાણી અમર થઈ જાય છે.

પુરાણોમાં ઉલ્લેખ છે કે એકવાર પાર્વતીએ ખૂબ ઉત્સુકતા સાથે મહાદેવને પ્રશ્ન કર્યો કે આવું કેમ થાય છે. કે તમે અજર-અમર છો. અને મારે દરેક જન્મ પછી એક નવું સ્વરૂપ પામીને ફરીથી વર્ષો સુધી કઠોર તપસ્યા પછી તમને જ પ્રાપ્ત કરવાના છે તો પછી મારી આ તપસ્યા અને મારી આટલી કઠોર પરીક્ષા કેમ? તમારા કંઠમાં પડેલી આ નરમૂંડ માળા અને તમારા અમર થવાનું કારણ અને રહસ્ય શું છે?

પછી મહાદેવ પાર્વતી સંગ ગુપ્ત ગુફામાં પ્રવેશ કરી કોઈ વ્યક્તિ કે પશુ-પક્ષી ગુફાની અંદર પ્રવેશ ન કરી શકે તે માટે શિવજીએ પોતાના ચમત્કારથી ગુફાની ચારેબાજુ આગ પ્રજ્વલિત કરી. શિવજીએ જીવનની અમર કથા સંભળાવવાની શરૂ કરી. કથા સાંભળતાં-સાંભળતા દેવ પાર્વતીને ઊંઘ આવી ગઈ અને તે સૂઈ ગયા. જેની શિવજીને જાણ ન રહી. શીવ અમર થવાની કથા સંભળાવી રહ્યા હતા. ત્યારે બે સફેદ કબૂતર કથા સાંભળી રહ્યા હતા. વચ્ચે ઘૂ... ઘૂ... નો અવાજ કરી રહ્યા હતા. શિવજીને લાગ્યું કે પાર્વતી કથા સાંભળી

મન હોય તો માળવે જવાય.




જય અમરનાથ

રહ્યા છે. અને વચ્ચે... વચ્ચે હુંકારો આપી રહ્યા છે. આ રીતે બંન્ને કબૂતરોએ અમર થવાની કથા સાંભળી લીધી. કથા સમાપ્ત થયા પછી શિવજીનું ધ્યાન પાર્વતી તરફ ગયું. કે જે સૂઈ રહ્યા છે. તો પછી કથા કોણ સાંભળી રહ્યું હતું. ત્યારે મહાદેવની દૃષ્ટિ કબૂતરો પર પડી. મહાદેવ શિવ ક્રોધિત થઈ ગયા. અને તેમને મારવા ઉતાવળા થયા. ત્યારે કબૂતરોએ શીવજીને કહ્યું. કે હે પ્રભુ અમે તમારી પાસેથી અમર થવાની કથા સાંભળી છે. જો તમે અમને મારી નાખશો તો અમર થવાની કથા ખોટી સાબિત થશે. જેથી શીવજીએ કબૂતરોને જીવતા છોડી દીધા. અને આશીર્વાદ આપ્યા. કે તમે સદૈવ આ સ્થાન પર શિવ પાર્વતીના પ્રતિક ચિહ્ન રૂપે નિવાસ કરશો. તેથી કબૂતરોની જોડી અજર-અમર થઈ ગઈ. અને એવું કહેવાય છે કે આજે પણ આ કબૂતરોના દર્શન ભક્તોને થાય છે. આમ આ ગુફા અમરકથાની સાક્ષી બની ગઈ. અને તેનું નામ અમરનાથ ગુફા પડી ગયું. જ્યાં ગુફાની અંદર શંકર ભગવાન બરફના પ્રાકૃતિક દ્વારા નિર્મિત શિવલિંગના રૂપમાં બિરાજમાન છે. ગણેશના પણ જુદા બરફથી નિર્મિત પ્રતરૂપોના પણ દર્શન કરી શકાય છે.

## :- છડી મુબારક યાત્રા :-

અમરનાથ યાત્રાને છડી મુબારક યાત્રા પણ કહે છે. કથા છે કે મહર્ષિ ભૃગુએ અહીં શ્રાવણ પૂર્ણિમાના રોજ પવિત્ર શિવલિંગના દર્શન કર્યા. તેમણે એક દિવસ પોતાના એક શિષ્યને પ્રહરીના રૂપમાં છડી સહિત અહીં મોકલ્યો હતો. માટે આજે પણ અહીં છડી લાવવાની પ્રથા છે. દર વર્ષે શ્રાવણ માસમાં પ્રકૃતિ-મુક્ત સાધુ સંતો છડી લઈને આવે છે.

# જય બંસીધર




Jay Krishna.....

થયા.

તા:- 09-07-2016 ને આઠમા દિવસે સવારે 7:00 કલાકે પાલનપુરથી પરત આવ્યા પછી ત્યાંથી લાગણી આવ્યા આમ અમે આઠ દિવસની અમારી અમરનાથ યાત્રા પૂર્ણ કરી....

જયહ- અમરનાથ



# ॐ Pravasi List ॐ

## Admit date 7-7-2016 10:00 am to 5:00pm

| S.NO | Name | Father // Hauband | Sex | Age | Phone No | Address |
|---|---|---|---|---|---|---|
| 1 | Patel Laljibhai | Kalabhai | m | 38 | 9428136391 | Lakhani |
| 2 | Patel Nanjibhai | Motaji | m | 33 | | Bhimgatha |
| 3 | Kodali Bharatbhai | Amrabhai | m | 31 | | Lakhani |
| 4 | Rajput Tejabhai | Pachanbhai | m | 44 | 9426488118 | Lavana |
| 5 | Bhedru Haribhai | Kalabhai | m | 36 | 9426578135 | Ganta |
| 6 | Patel Hemrajbhai | Dharmaji | m | 45 | 9925171588 | Lakhani |
| 7 | Patel Nanjibhai | Tejabhai | m | 53 | | Lakhani |
| 8 | Patel Tejabhai | Laljibhai | m | 44 | | Madal |
| 9 | Chaudhary Vastabhai | Satabhai | m | 55 | | Deesa |
| 10 | Chaudhary devjibhai | Premabhai | m | 56 | | Katav |
| 11 | Chaudhary babrabhai | Narsungbhai | m | 43 | 9426320318 | Pepral |
| 12 | Patel Prakashbhai | Gagdasbhai | m | 27 | | Lakhani |
| 13 | Kandli Bharatbhai | Umedbhai | m | 32 | | Lakhani |
| 14 | Joshi Rameshbhai | Lakhirambhai | m | 40 | | Charda |
| 15 | Chaudhry Velabhai | Revabhi | m | 34 | | Pepral |
| 16 | Kandali Dharmshibhai | Narbatabhai | m | 41 | | Lodhanor |
| 17 | Patel Ratnshibhai | Harsengabhai | m | 41 | | Lunal |
| 18 | Ked Rupshibhsi | Purabhai | m | 49 | | Manglor |
| 19 | Chaudhary Karamsibhai | Velabhai | m | 40 | | Deesa |
| 20 | Patel Laljibhai | Amarabhai | m | 43 | | Deesa |

## નવમી પગપાળા યાત્રાઃ- લાખણીથી દ્વારકા

નવમી શ્રી દ્વારકાદર્શનની પગપાળા યાત્રા તારીખઃ- તાઃ 05-11-2016 થી 15-11-2016 સુધી દિન - 11

આજ રોજ લાખણીથી દ્વારકા 500 કિલોમીટર ની પગપાળા યાત્રા તાઃ 05-11-2016 ને પ્રથમ દિવસે સવારે 4:00 કલાકે શ્રી કુળદેવતા તેમજ શ્રી હિંગળાજ માતાજી ના દર્શન તથા આશીર્વાદ લઈ અમારી યાત્રાની શરૂઆત લાખણીથી લવાણા, ચીભડા, બપોરે નાંખા આવ્યા. ત્યાં રસોઈ બનાવી જમ્યા. ત્યાંથી આગળ ખારા, ઓડાળીયા, સાંજે સાલર આવી પહોંચ્યા. ત્યાં જમ્યા અને નવીન સોસાયટીની જગ્યામાં રાધનપુર હાઈવે પર રાત્રીનું - રોકાણ કર્યું.

તાઃ 06-11-2016 ને બીજા દિવસે સવારે 5:00 કલાકે નીકળ્યા બેડા, ઈદરવા, પછી બપોરે મહારાજના ખેતરમાં ભોજન બનાવી જમ્યા. ત્યાંથી આગળ ચાલ્યા જેકડા, સિધાડા, સિધાડા પ્રા. શાળામાં આવી પહોંચ્યા. ત્યાં ભોજન બનાવી જમ્યા અને રાત્રીરોકાણ શાળામાં જ કર્યું.

તાઃ 07-11-2016 ને ત્રીજા દિવસે ત્યાંથી નીકળી સાંતલપુર થઈ ગામડી આવી બપોરનું ભોજન ત્યાં લીધું. ત્યાંથી પાણી પુરવઠા સંકુલ, આહીરદાદા, આડેસર, માખેલ રોકાઈ ભોજન બનાવી જમ્યા. પછી સૂર્ય-મંદિરમાં રાત્રી રોકાણ કર્યું.

તાઃ 08-11-2016 ને ચોથા દિવસે સવારે 4:00 કલાકે સૂર્ય મંદિરથી નીકળી પલાસવા થઈ ડોનમેરથી રાજબાઈના મંદિરે બપોરનું ભોજન બનાવી લીધું. બપોરે ભોજન બાદ માણાબા પ્રા. શાળામાં આવી પહોંચ્યા. ત્યાં રાત્રનું ભોજન બનાવી લીધું. ત્યાં જ રાત્રી રોકાણ કર્યું.

તાઃ 09-11-2016 ને પાંચમા દિવસે માણાબાથી સવારે વહેલા 4:00 કલાકે સ્નાન કરી તૈયાર થઈને

કુમ ધાર, ગરમ ધાર,

ચક્તું ઝુટધાર મલ ધાર



જય કેશવ......



નીકળ્યા. સૂરજબારી પુલ આવી પહોંચ્યા. પછી
હરીપુરા આવ્યા. ત્યાં બપોરનું ભોજન લીધું. ત્યાંથી
જામનગર હાઈવે સરવર આવ્યા. ત્યાં હનુમાન
મંદિરે આવી હાથ-પગ ધોઈ હનુમાન દાદાના દર્શન
કરી રાત્રીનું ભોજન બનાવી જમ્યા. રાત્રી રોકાણ
ત્યાં જ કર્યું.

તા:- 10-11-2016 ને છઠ્ઠા દિવસે સવારે 4:00
કલાકે આગળ ચાલવાનું શરૂ કર્યું. પછી આમરણ
આવ્યા ત્યાં મેલડી માતાના મંદિરે સ્નાન કરી ભોજન
લીધું. ત્યાંથી દુધઈ, ધાર, બોરાળા, હાજમચોરા આવી
પછી માતાજીના મંદિરે દર્શન કરી ભોજન બનાવી
જમ્યા. અને રાત્રી રોકાણ ત્યાં કર્યું.

તા: 11-11-2016 ને આઠમા દિવસે સવારે
4:30 કલાકે હાજમચોરાથી કેશીયા થઈ ભાદરા ચોકડી
થઈ લીંબુડા થઈ હડિયાણા આવ્યા. ત્યાં બપોર થતાં
બપોરનું ભોજન બનાવી જમ્યા. પછી ત્યાંથી આગળ
ખીજડીયા આવ્યા ત્યાં રાત્રીનું ભોજન બનાવી
જમ્યા અને રાત્રી રોકાણ ત્યાં જ કર્યું.

તા: 13-11-2016 ને નવમા દિવસે સવારે 4:30
કલાકે નીકળી સીતારામ આશ્રમે આવ્યા ત્યાં બપોરનું
ભોજન બનાવી જમ્યા પછી ખંભાળીયાથી સાંજે
વાત્રણા સંસ્કૃત વિદ્યાપીઠમાં રાત્રી રોકાણ કરી ભોજન
બનાવીને જમ્યા.

તા:- 14-11-2016 ને દસમા દિવસે સવારે ચાલા-
બાવાની વાડીથી ચા-નાસ્તો કરી આગળ ચાલ્યા...
પછી બપોરે 12:00 કલાકે દ્વારકા પહોંચી સોરઠીયા
પ્રજાપતિ ધરમશાળામાં આશરો લીધો. ભોજન કરી
આરામ કર્યો. પછી સાંજે મોક્ષદ્વારેથી પ્રભુના દર્શન
કર્યા. મંગલા આરતી, દર્શન, આશીર્વાદ લઈ સાંજે
7:30 કલાકે ભાચળી આવવા રવાના થયા. રાત્રે

# જય ગિરનારી



# જય દ્વારકેશ....

સરવડ આવી ૩:૦૦ કલાકે હનુમાન દાદાના મંદિરે આવી રોકાયા.....

તા: 15-11-2016 ને અગિયારમા દિવસે સવારે 6:00 કલાકે શ્રી હનુમાનદાદાના મંદિરેથી ટેમ્પોમાં બેસી લાખણી આવવા રવાના થયા. આમ અમે બપોરે 12:00 કલાકે લાખણી મુકામે આવી પહોંચ્યા. અને અમારી નવમા વર્ષની દ્વારકાદર્શનની પગપાળા યાત્રા સુખદ રીતે પૂર્ણ કરી....

યાત્રાળુંઃ-

- શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ
- શ્રી પટેલ નર્મદભાઈ રામાભાઈ
- શ્રી પટેલ અમરાભાઈ રામાભાઈ
- શ્રી પટેલ ઉમેદભાઈ રામાભાઈ
- શ્રી પટેલ સુરેશભાઈ વિહાભાઈ (ગેળા)
- શ્રી પટેલ મહાદેવભાઈ (જોરાપુરા, ધાનેરી)
- શ્રી પટેલ હેમરાજભાઈ બલાભાઈ (લાખણી)
- શ્રી પટેલ કરશનભાઈ વિહાભાઈ રસોઈયા

જય

બંસીધર

## જય કિસાન ફળટીયા...



## જય ગોવિંદ ગોપાલ

# દસમી પગપાળા યાત્રાઃ- લાખણી થી દ્વારકા

દસમી લાખણીથી દ્વારકા સુધી 500 કીલોમીટરની પગપાળા યાત્રા તાઃ 17-01-2017થી 27-01-2017 સુધી...

આજ રોજ તાઃ 17-01-2017ને પ્રથમ દિવસે સવારે 4:00 કલાકે શ્રી કુળદેવતા તેમજ શ્રી હીંગળાજ માતાજીના દર્શન તેમજ આશીર્વાદ લઈ પગપાળા યાત્રાની શરૂઆત કરી. લાખણીથી નીકળી લવાણા, ચીભડા, ભાભર આવી પહોંચ્યા. ત્યાં બપોરનું ભોજન કરી આગળ વધ્યા. બેડા પ્રા. શાળામાં રોકાણ કરી ભોજન બનાવી જમ્યા રાત્રી-રોકાણ ત્યાં જ કર્યું.


તા:18-01-2017ને બીજા દિવસે બેડા પ્રા. શાળાથી પગપાળા યાત્રા શરૂ કરી ઈદરવા, ગઢા આવ્યા ત્યાં ગોગા-મહારાજના મંદિરે આવી દર્શન કરી ભોજન બનાવી જમ્યા. ત્યાંથી સીધાડા, ત્યાંથી આગળ હીંગળાજ માતાજીના મંદિરે આવ્યા ત્યાં દર્શન કરી ફ્રેશ થઈ ભોજન બનાવી જમ્યા રાત્રી રોકાણ ત્યાં કર્યું.

તા:19-01-2017ને ત્રીજા દિવસે સવારે 4:00 કલાકે ઉઠીને ત્યાંથી આગળ યાત્રા શરૂ કરી આગળ ચાલતાં-ચાલતાં બપોરે આહીર દાદાને ત્યાં આવી બપોરનું ભોજન બનાવી પછી ભોજન લીધું. પછી આડેસર શ્રી માખેલ સૂર્યમંદિરે આવી રાત્રીનું ભોજન બનાવી પછી રાત્રી રોકાણ ત્યાં જ કર્યું.

તા:20-01-2017ને ચોથા દિવસે માખેલથી આગળ નીકળી ગાંગોદર આવ્યા. ત્યાં બપોરનું ભોજન બનાવી પછી જમ્યા. ત્યાંથી સૂરજબારી પૂલ ટોલનાકા આવી પહોંચ્યા. ત્યાં ભોજન બનાવી જમ્યા. રાત્રીનું રોકાણ ત્યાં જ કર્યું.

તા:21-01-2017ને પાંચમા દિવસે સૂરજબારી પૂલ ટોલનાકાથી હરિપુરા, માળિયા, સરવડ શ્રી હનુમાન દાદાના મંદિરે આવી બપોરનું ભોજન ત્યાં લીધું ત્યાંથી

ભેટા આદલ.....



કુદરત-ખુદરમાં...

આગળ જામનગર હાઈવે સંત દેવળ આશ્રમે આવી પહોંચ્યા. ત્યારે સાંજનો સમય થયો હતો. પછી આશરીયામાં આવી ભોજન બનાવી જમી પછી રાત્રી રોકાણ ત્યાં જ કર્યું.

તા: 22-01-2017 ને છઠ્ઠા દિવસે આશરીયાથી આમરણ, ધાર, બપોરે આદેશ બાપજીના આશ્રમે આવી ભોજન બનાવી પછી જમ્યા. સાંજે ભાદરા ચોકડી, અણડાથી હડિયાણા પછી ત્રિભુવનાથ મંદિરના પ્રાંગણમાં આવી ભોજન બનાવી ભોજન કર્યું સ્નાન કર્યું. અને રાત્રી રોકાણ કર્યું.

તા: 23-01-2017 ને સાતમા દિવસે હડિયાણાથી ખીરી આશ્રમ સચાણા પછી ખીજડીયા શ્રી મહાદેવના મંદિરે ભોજન પછી જામનગર એરપોર્ટથી સાંજે છોટે હરિદ્વાર થી બેડ પહોંચ્યા. સાંજનું ભોજન આશ્રમમાં લીધું. રાત્રી રોકાણ કર્યું.

તા: 24-01-2017 ને આઠમા દિવસે આવડાથી સીતારામ આશ્રમ આવી. બપોરનું ભોજન સીતારામ આશ્રમમાં જ લીધું. ખંભાળીયા ત્યાંથી દ્વારકાદાસ આશ્રમમાં ભોજન બનાવી જમ્યા રાત્રી રોકાણ ત્યાં કર્યું.

તા: 25-01-2017 ને નવમા દિવસે સવારે 4:00 કલાકે ઉઠી ફ્રેશ થઈ, આગળ ચાલ્યા પછી બપોરે રામરોટી આશ્રમ લીંબડી ભોજન બનાવ્યું. ત્યાંથી આગળ સાંજે પાલાબાપાની વાડીમાં રાત્રીનું ભોજન બનાવી જમ્યા અને રાત્રી રોકાણ કર્યું.

તા: 26-01-2017 ને દસમા દિવસે સવારે 2:30 કલાકે પાલાબાપાની વાડીથી નીકળ્યા. પછી સવારે 10:00 કલાકે દ્વારકા આવી પહોંચ્યા. ગોમતી નદીના પવિત્ર જળથી સ્નાન કરી પાવન થઈ પછી 12:00 કલાકે મોક્ષદ્વારેથી દ્વારકાધીશના દર્શન કરી આશીર્વાદ લઈ અમારી દસમી પગપાળા યાત્રા સ્વીકારવા પ્રભુને

## જય ગિરધર ગોપાલ



## જય ગિરનાર ભવાની...

પ્રાર્થના કરી.

પછી બપોરનું ભોજન હોટલમાં લઈને રૂક્ષ્મણી મંદિરે જઈ દર્શન કર્યા. પૂર્વજોને પાણીનું દાન અર્પણ કરી પછી ત્યાંથી ગોપી તળાવ, નાગેશ્વર મહાદેવ, રીપણી ધારણા ગંગા દર્શન કરી પછી અમે દ્વારકા પરત આવ્યા. 6:00 કલાકે દ્વારકામાં શ્રી ભગવાન દ્વારકાધીશની આરતી માટે મોક્ષદ્વારેથી પ્રવેશ કરી આરતી તથા દર્શન કરી આશીર્વાદ લઈ પછી અમે લાખણી આવવા રવાના થયા. રાત્રે 10:00 કલાકે પંથ હોટલમાં જમી પછી 2:00 કલાકે સરવડ આવી રાત્રી રોકાણ કર્યું.

તા: 27-01-2017 ને અગિયારમા દિવસે સવારે 4:00 કલાકે સરવડથી નીકળ્યા. પછી લગભગ 10:00 કલાકે મોરાગઢ આવી સ્નાન કરી માતાજીની પૂજ, દર્શન કરી પછી પ્રસાદની થાળી ધરી પછી અમે લાખણી આવવા નીકળ્યા. લગભગ 2:00 કલાકે લાખણી આવ્યા. આમ અમે અમારી દસમી પગપાળા યાત્રા શાંતિપૂર્ણ રીતે પુરી કરી....

યાત્રાળું:

શ્રી લાલજીભાઈ કાળાભાઈ પટેલ
શ્રી અમરાભાઈ રામાભાઈ પટેલ
શ્રી સુરેશભાઈ પિઠાભાઈ પટેલ
શ્રી ભરતભાઈ રામજીભાઈ પટેલ (ડ્રાઈવર)
શ્રી જીવરાજ ભાઈ રામાભાઈ (રસોઈયા)

ગાડી નં: G.J. 8 AP 1890

# શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત,
# દ્વારકા - ૩૬૧૩૩૫.

(ગુજરાત રાજ્ય ચેરીટી ટ્રસ્ટ નોંધણી નં. એ-૫૩, દેવભૂમિ દ્વારકા)

## શ્રી ધ્વજાજીની પરવાનગી

જાવક નં. 1231/17-18 તારીખ 28-11-17

શ્રીમાન [illegible] ગામ ..................

તારીખ 28-11-17 ના રોજ [illegible] વારે જ્ઞાતિના નિયમ મુજબ દરેક ગુગ્ગુલી બ્રાહ્મણોને અનાજ/રોકડા રૂ. 1 મુજબ આપી શ્રી દ્વારકાધીશજી પ્રભુની ધ્વજાજી નીચે મુજબની વિગતે અને સમયે ચઢાવવા પરવાનગી આપવામાં આવે છે. લાગાના રૂા. ૬૦૦૦.૦૦ (છ હજાર પુરા) મળ્યા છે.

અનાજ આપવાની વ્યવસ્થા બ્રહ્મપુરીમાંથી જ કરવાની રહેશે.

પરવાનગીમાં દર્શાવેલ સમયના ચુસ્ત પાલન માટે તમો અંગત રીતે જવાબદાર બનશો. તે અંગે પરવાનગી આપનાર કોઈ રીતે જવાબદાર ગણાશે નહિં. આ પરવાનગી રદ કરવાનો અધિકાર પ્રમુખ/મંત્રી પાસે રહેશે.

તારીખ : 28-11-17

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધ્વજાજી | નં. | ૧ | સવારે | ૦૬.૩૦ | થી | ૦૮.૦૦ | સુધી |
| ધ્વજાજી | નં. | ૨ | સવારે | ૦૮.૩૦ | થી | ૧૦.૩૦ | સુધી |
| ધ્વજાજી | નં. | ૩ | સવારે | ૧૦.૩૦ | થી | ૧૨.૦૦ | સુધી |
| ધ્વજાજી | નં. | ૩ | સાંજે | ૦૫.૩૦ | થી | ૫.૩૦ | સુધી |
| ધ્વજાજી | નં. | ૪ | સાંજે | ૦૫.૩૦ | થી | ૬.૩૦ | સુધી |

**-: શ્રી ધ્વજાજી માટે નીચેના સૂચનો તથા વસ્તુઓ અમારે તૈયાર રાખવાની રહેશે :-**

### સૂચના :

૧. ધ્વજાજી દ્વારકામાં સિવડાવવા ભલામણ.
૨. બાવન ગજની ધ્વજાજી પ્રથા પ્રમાણેના માપ મુજબની સિવડાવવાની રહેશે. ( મીટર ૪૦ )
૩. ધ્વજાજીમાં લીલા તથા કાળા રંગના કાપડનો ઉપયોગ કરવો નહિં.
૪. ધ્વજાજીમાં કોઈપણ પ્રકારનું લખાણ ન લખવું.
૫. સિંદૂર ચઢાવનાર અબોટી બ્રાહ્મણને રૂા.૫ (પાંચ) રોકડા આપવાના રહેશે.
૬. ધ્વજાજીને દિવસે જ દક્ષિણા / અનાજનું વિતરણ કરવાનું રહેશે, તે પહેલા દક્ષિણાની રકમ અથવા અનાજ કાર્યાલયમાં પહોંચાડવાનું રહેશે.

### વસ્તુઓ :

૧. શ્રીફળ નંગ ૫ (પાંચ)
૨. સિંદરી કિ.૧-૮૦૦ ગ્રામ
૩. કપાસીયા કિ.૧-૮૦૦ ગ્રામ
૪. સીંગતેલ કિ.૧-૮૦૦ ગ્રામ
૫. ઘઉંનો લોટ કિ.૧-૦૦ ગ્રામ
૬. દિવો પ્રગટાવવા તથા સિંદૂર માટે કૂંડા નંગ-૨
૭. સિંદૂર ૦-૭૫૦ ગ્રામ
૮. ઘી દેશી ૦-૫૦૦ ગ્રામ

પ્રમુખ / મંત્રી
શ્રી દ્વા.ગુ.બ્રા.જ્ઞાતિ ૫૦૫ સમસ્ત, દ્વારકા

# જય દ્વારકેશ

## જય દ્વારકાધીશ

ઘણી ખાટશેલલર

તા:- 29-11-2017

જય હો કાળીયા ઠાકરની..

# શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત – દ્વારકા

પબ્લીક ચેરી. ટ્રસ્ટ રજી. નં. એ–૫૩ જામનગર






## નૂતન ધ્વજા આરોહણ


આશિર્વાદ પત્ર

યજમાન શ્રીમાન/શ્રીમતિ ભેંદર ... લાલજીભાઈ ... મગાભાઈ

........................ ગામ ........................

આપના તરફથી સં ૨૦૭૪ ... ના માગશર સુદ-૧૦ ને ... બુધ ... વાર તા. ૨૮.૧૧.૨૦૧૭ ના શુભ દિને શ્રી દ્વારકાધીશજી નાં મંદિર ઉપર નૂતન દવંજા આરોહણ કરવામાં આવેલ આ શુભ પ્રસંગે આપના તરફથી જ્ઞાતિજનોને દક્ષિણા અર્થે અનાજ/રોકડા રૂ. ... ૧૮(મણ) ....... આપેલ છે. સમસ્ત ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ આપશ્રીને તથા આપના પરિવારને અંત : કરણપૂર્વક આર્શીવાદ આપે છે. પ્રભુ શ્રી દ્વારકાધીશજી અને મા ભગવતી શ્રી રૂકિમણી માતાજી આપ સૌનું કલ્યાણ કરે, જ્ઞાતિની સામાજીક સેવાકીય પ્રવૃતિમાં આપનાઆર્થિક સહયોગની અપેક્ષાસહ, સાથો સાથ સનાતન ધર્મ અને ભક્તિ પ્રત્યેની આપની શ્રદ્ધા દ્રઢ બનાવે તેમજ સુખ સમૃદ્દિધ સાથે નિરામય દીર્ઘાયુષ્ય પ્રદાન કરે એવી શ્રી ચરણોમાં અમારી પ્રાર્થના.





પ્રમુખ

પ્રમુખ/મંત્રી
શ્રી દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ
જ્ઞાતિ ૫૦૫ સમસ્ત
પ્રેમભિક્ષુજી માર્ગ દ્વારકા
ફોન : (૦૨૮૯૨)
૨૩૪૧૦૫, ૨૩૬૫૦૫

# દ્વારકાધીશ ધજા આરોહણ કાર્યક્રમ

શ્રી ડી.કે. ભેદરૂ ચેરીટેબલ ટ્રસ્ટ લાખણી આયોજીત દ્વારકાધીશ ધજા આરોહણ વિધિ કાર્યક્રમ તા: 29-11-17 માગશર સુદ 10ને બુધવારના રોજ 12 કલાકે બીજી ધજા આરોહણ કરવામાં આવી. દ્વારકા ખાતે આ નોંધણી ત્રણ વર્ષ અગાઉ કરવામાં આવી હતી. શ્રી લાલજીભાઈ કાળાભાઈ પટેલ તથા પદયાત્રિકો દ્વારકા પગપાળા ચાલી પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ દ્વારકા ખાતે ભવ્ય ધજા આરોહણ કાર્યક્રમ કરેલ છે.

કાર્યક્રમનો ઉદ્દેશ :- શૈક્ષણિક, સામાજિક ભાઈચારો, સંગઠિતતા, સદ્ભાવના, ધાર્મિકતા તથા નશા મુક્ત સમાજ બને જે અંતર્ગત શ્રી એલ.કે. ભેદરૂએ સમાજને શિક્ષિત થવા અને ધાર્મિક ઉન્નતિ અર્થે એમની અમૃતવાણીમાં સરસ સંબોધન કર્યું હતું.

કાર્યક્રમના ભાગરૂપે તા: 26-11-2017થી તારીખ 29-11-2017 સુધી પ્રવાસયાત્રાનું પ્રમુખ એલ.કે. ભેદરૂએ સરસ આયોજન કરી શાળાના વિદ્યાર્થીઓ, કુટુંબીજનો, સ્નેહીજનો, મિત્રવર્ગ તેમજ સામાજિક અગ્રણીઓને ચાર દિવસની યાત્રા કરાવી ભક્તિમય વાતાવરણમાં તરબોળ કર્યા.

પ્રવાસના સ્થળ:- ચોટીલા, વિરપુર, જુનાગઢ, ગિરનાર, સોમનાથ, ત્રિવેણીસંગમ, ખોડલધામ, ભાલકાતીર્થ, પોરબંદર, હર્ષદમાતા, દ્વારકા, રૂકમણી મંદિર, બેટ દ્વારકા, નાગેશ્વર, વગેરે સ્થળોએ પ્રવાસ કર્યો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો:- શ્રી બા.કા. રાવલ, શ્રી ભગવાનસિંહ, શ્રી દેવાભાઈ પંપરાલ, શ્રી સુમજી વજેગઢ, શ્રી ચાંચાભાઈ પટેલ, રૈયા, શ્રી નાનજીભાઈ પટેલ, મડાલ શ્રી ઈશ્વરભાઈ ભેદરૂ, સોની શ્રી પ્રતાભાઈ ડોક્ટર લાખણી, શ્રી પદમાભાઈ પટેલ જાલોટા, શ્રી સુરેશ પટેલ, શ્રી, અમરાભાઈ પટેલ, શ્રી મુળરાજસિંહ ચૌહાણ, શ્રી દાનાભાઈ વગેરે નામી અનામી 250 ધર્મપ્રેમીઓએ

આ કાર્યક્રમમાં સહભાગી બની દ્વારકાધીશની પવિત્ર ભૂમિમાં હાજરી આપી હતી.

સમાજમાં રહેલા આવા ઉચ્ચ વિચારોના વ્યક્તિથી ધાર્મિકતા વધે, જીવનમાં નવો ઉમંગ, ઉત્સાહ અને જીવન જીવવાની કળા, આદર્શ નાગરિક બની શકે તેવા પ્રયત્નો કરનાર દાતાશ્રી સમાજની ક્રાંતિ માટે દિપક સમાન બની રહે આવા ધર્મપ્રેમી દાતાઓની દ્વારકાધીશ તમામ મનોકામનાઓ પૂર્ણ કરે તેવી શુભેચ્છા

—: પ્રવાસયાત્રા :—

શ્રી કે. કે. સેદરૂ ચેરીટેબલ ટ્રસ્ટ લાખણી આયોજીત દ્વારકાધીશ ધજા આરોહણ વિધિ કાર્યક્રમ તા: 29-11-17 માગશર સુદ-10ને બુધવારના રોજ 12:00 કલાકે ત્રીજી ધજા આરોહણ કરવામાં આવી. દ્વારકા ખાતે ધજા આરોહણ નોંધણી ત્રણ વર્ષ અગાઉ કરવામાં આવી હતી. શ્રી લાલજીભાઈ કાળાભાઈ પટેલ તથા પદયાત્રીઓ દ્વારકા પગપાળા ચાલી પાંચ વર્ષ પૂર્ણ કર્યા બાદ દ્વારકા ખાતે ભવ્ય ધજા આરોહણ કાર્યક્રમ કરેલ છે. કાર્યક્રમના ભાગરૂપે મહેમાનોને ભગવાન સમજનાર શ્રી એલ. કે. પટેલ તા: 26-11-2017 થી તા: 29-11-2017 સુધી પ્રવાસયાત્રાનું સરસ આયોજન કરી. શાળાના ભગવાન સ્વરૂપ જેવા નિર્દોષ બાળકો, કુટુંબીજનો, સ્નેહીજનો, મિત્રવર્ગ, તેમજ સામાજીક અગ્રણીઓ, ને ચાર દિવસની સરસ યાત્રા કરાવી ભક્તિમય વાતાવરણમાં તરબોળ કર્યા. હવે આગળ પ્રવાસનું વિગતે વર્ણન જોઈએ.

પ્રવાસના સ્થળો:- ચોટીલા, વિરપુર, કાગવડ, ખોડલધામ, જૂનાગઢ, ભવનાથ તળેટી, ગિરનાર, દામોદર કુંડ, નરસિંહ મહેતાનો ચોરો, સોમનાથ, ત્રિવેણીસંગમ,

ભાલકાતીર્થ, પોરબંદર, ભારતમંદિર, તારામંડળ, મ્યુઝિયમ, હર્ષદમાતા, દ્વારકા, રૂકમણીમંદિર, બેટ-દ્વારકા, નાગેશ્વર, ગોપી તળાવ વગેરે સ્થળોએ પ્રવાસ કર્યો.

પ્રવાસની આછી ઝલક:-

પ્રવાસની શરૂઆત તા. 26-11-17ને રવિવારના રોજ રાત્રે 10:45 કલાકે શ્રી હિંગળાજ માતાજી લાખણાથી દર્શન કરી ચોટીલા જવા રવાના થયા. આખી રાત્રી બિલેશ્વર સ્લીપર કોચમાં બેસી સવારે 6:00 કલાકે ચોટીલા ઉતર્યા. ચોટીલા સવારે ન્હાવા, બાથરૂમ વિધિ પૂર્ણ કરી ચા પીધા પછી અમો બધા ચામુંડા માતાજીના દર્શનાર્થે 6:20 કલાકે નિકળ્યા દર્શન કરી થોડી બજારમાં ખરીદી કરી. 7:30 કલાકે ગાડી પાસે આવી બધાએ પૌંઆનો નાસ્તો કર્યો. નાસ્તો કરી 8:30 કલાકે ચોટીલાથી વિરપુર જવા રવાના થયા. 10:45 કલાકે વિરપુર આવ્યા. વિરપુર મા ચામુંડા ધર્મશાળામાં ઉતરી મંદિરે દર્શન કરવા રવાના થયા. વિરપુરમાં જલારામ બાપાના દર્શન કર્યા. તેમના પુત્ર હરિરામ તથા સીતા, જાનકી અને રામના દર્શન કર્યા. તેમજ રામે જલારામને આપેલ લાકડી તથા હનુમાન દાદાના દર્શન કર્યા. તેમજ જૂના જમાનાની મોટી પથ્થરની ઘંટીઓ જોઈ. વાસણો, અનાજના કોઠારો નિહાળ્યા. ત્યાં પ્રસાદમાં મીઠાઈ તથા અખંડ પાણીનો પ્રસાદ લીધો. વિરપુરમાં આજ રોજ તા: 27-11-2017ના ગીરધર રાજાનો જન્મ દિવસ હતો. તે જાણી ત્યાંથી તેમના પરિવારની સમાધી જોઈ. વડવાળો ચોરો જોયો. એક કલાક જેટલો સમય બજારમાં ખરીદી કરી પછી 12:30 કલાકે ધરમશાળામાં જઈ સમૂહમાં બધાંએ પુરી કોબીજનું શાક, મરચાં,

દાળ, ભાત, તથા છાસ લીધા. પેટ પૂજા કર્યા બાદ 1:15 કલાકે પિરપુરથી કાગવડ ખોડલધામ જવા રવાના થયા. 1:30 કલાકે કાગવડ પહોંચ્યા. ત્યાં ખોડીયાર માના દર્શન કર્યા. અને આશીર્વાદ લીધા. ત્યાંની વિશાળ જગ્યા નિહાળી લગભગ 2:10 કલાકે કાગવડથી જુનાગઢ જવા રવાના થયા. લગભગ 3:40 કલાકે જૂનાગઢ આવ્યા. પ્રકૃતિએ જૂનાગઢને નવરંગી ચૂંદડી ઓઢાડી છે. આ ચૂંદડીના ભાતીગળ જોવાજેવા આ દેવ મંદિરો નિહાળવા ઉતર્યા. જૂનાગઢમાં સાયન્સ મ્યુઝિયમ પાસે આવી ચા પીધા. ચા પીને 3:55 કલાકે ઉપરકોટ જવા રવાના થયા. 4:20 કલાકે ઉપરકોટના મેઈન ગેટ ઉપર પહોંચ્યા ગાઈડ ગૌસ્વામી લઈને સર્વ પ્રથમ મેઈન ગેટ જે 12 વર્ષ બંધ રહ્યો તેની સમજ આપી. સિદ્ધરાજ જયસિંહ અને જૂનાગઢના રાંખેંગાર વચ્ચે રાણકદેવી માટે થયેલા યુદ્ધની સમજ આપી. ત્યાંથી આગળ ગણપતિ મંદિર, ખોડિયાર મંદિરની સમજ આપી. ત્યાંથી મહેલ તરફ આગળ વધ્યા. મહેલની આજુબાજુ ઉંડી ખાઈ ખૂબ હતી. તેમાં ઝેરી જીવજંતુઓ હતા. યુદ્ધ થાય ત્યારે ખાઈ ઉપર ઘાસ પાથરી દેવામાં આવતું. તેથી દુશ્મન લશ્કર ઘાસ ઉપર ચાલવા જાય ત્યારે હજારો ફૂટ ઊંડી ખાઈમાં પડી ઝેરી જાનવરોથી દુશ્મન મૃત્યુને ભેટી એવી યોજના બનાવી હતી. ત્યાંથી આગળ રા'ખેંગારનો મહેલ જોયો. રાજાનું સિંહાસન, લગ્ન મંડપની જગ્યા, રા'ખેંગારના બે દિકરા સિદ્ધરાજ જયસિંહે માર્યા હતા. તે જગ્યા જોઈ. બાર વર્ષ યુદ્ધ થયું. તેથી રાણકદેવી ભોંયરામાંથી ગિરનાર રોજ સવારે દર્શન કરવા જતી તે ભોંયરું નિહાળ્યું. હાલના મહેલને મહમદ બેગડાએ ઉપરથી ખંડીત કરી મસ્જીદ આકાર આપેલ છે. તે જાણ્યું ત્યાં આગળ વધી વાવ જોઈ. અડીકડી વાવ

વાવ, નવઘણ કૂવો જોયો. પછી અનાજ સંગ્રહ
કરવાના કોઠાર જોયા. કોઠારની દુશ્મનોને ખબર ન
પડે તેથી તેના ઉપર ઘાસ બનાવી દેવામાં આવતાં
હતાં. ત્યાંથી આગળ વૉટર વર્કસ એટલે જૂનાગઢમાં
પાણીની વ્યવસ્થા એ વખતે કરી હતી. ઈ.સ. 1020માં
શહેરનું નામ જૂનાગઢ પ્રસિદ્ધ થયું હતું. તે જાણ્યું. પછી
6:15 કલાકે ઉપરકોટ ફરી ફરી નીચે આવી ગાડીમાં
બેસી 6:40 કલાકે દામોદર કુંડ, વિષ્ણુમંદિર, તથા
મુચકુંદ ગુફા, નિહાળી આ કુંડમાં નરસિંહ મહેતા રોજ
સવારે નાહી ધોઈ વિષ્ણુમંદિરમાં પૂજાપાઠ કરતા હતા.
તેમના તે નિત્ય ક્રમથી વાકેફ થયા. અહીં લોકો પિતૃ
તર્પણ કરવા આવે છે. 7:00 કલાકે ત્યાંથી નિકળી 7:15
કલાકે તળપદી કોળી સમાજની ધરમશાળામાં જઈ
એક જનરલ હૉલ તથા અલગ ત્રણ રૂમ લીધા. ત્યાં સામાન
રાખી. ફ્રેશ થઈ બધા સમૂહમાં ભવનાથ મહાદેવના દર્શન
કરવા માટે ગયા. દર્શન કરી ગિરનાર પર્વતનો રાત્રી-
લાઈટીંગવાળો નજારો નિહાળ્યો. અને બધાએ મનભરી શાંતિ-
થી બજારની ખરીદી કરી અને મજા લીધી. પછી રાત્રે લગભગ
9:00 કલાકે સમૂહ ભોજનમાં રોટલી, શાક, ખીચડી, કઢી,
મરચાં લીધાં. પછી દિવસ ભરના થાક્યા-પાક્યા બધા રૂમ
પર જઈ યોગ્ય જગ્યા લઈ પથારી કરી સરસ મજાની
નીંદ લીધી. તા: 28-11-2017ના દિવસે સવારે 3:00
કલાકે એલાર્મ રણકવાનું ચાલુ થઈ ગયું. સૌ પોત-
પોતાની મેળે ગરમ પાણી લઈ ન્હાય ધોઈ તૈયાર
થવા લાગ્યા. લગભગ 5:30 કલાકે બધાએ ચા, મગ
ખાખરા લઈ હળવો નાસ્તો કર્યો. નાસ્તો કર્યા પછી
6:10 કલાકે સોમનાથ જવા રવાના થયા. 8:40 કલાકે
સોમનાથ પહોંચ્યા. ત્યાં સોમનાથ મંદિરના દર્શન કરી
બધા દરિયા કિનારે ગયા, ત્યાં બધાએ દરિયાના
પાણીમાં મોજાઓ સાથે મોજ કરી આનંદ માણ્યો.

પછી ઘોડા અને ઊંટ સવારીનો લ્હાવો પણ ઘણા બધાઓએ લીધો. નાળિયેરનું પાણી પીધું. ત્યાંથી આગળ ત્રિવેણી સંગમ ચાલતા ગયા. ત્યાં મોર, માછલી જોયા. ત્યાંથી પાછા ફરતા વચ્ચે શ્રી રામમંદિર આવ્યું. ત્યાં દર્શન કર્યા અને બુંદિ તથા સેવનો પ્રસાદ લીધો. 11:30 કલાકે પાર્કિંગની જગ્યાએ આવી ભોજન લીધું. ભોજનમાં રોટલી, શાક, દાળ, ભાત લીધું. ભોજન કરી, લગભગ 12:25 કલાકે સોમનાથથી ભાલકાતીર્થ જવા નીકળ્યા. 1:00 કલાકે ભાલકા તીર્થ પહોંચ્યા ત્યાં પ્રથમ પ્રગટેશ્વર મહાદેવના દર્શન કર્યા. પછી શ્રીકૃષ્ણ તથા પારધીવાળા મંદિરના દર્શન કર્યા. રામનો બીજો અવતાર શ્રી કૃષ્ણ તથા વાલીનો બીજો અવતાર પારધી બાણવાળો જે રામે પેલા અવતારમાં છળકપટથી વાલીની હત્યા કરી હતી. તેથી બીજા ભવમાં તે વાલી પારધીના અવતાર રૂપે રામના બીજા અવતાર રૂપે શ્રી કૃષ્ણને તીર મારી મૃત્યુ કર્યું. તે ઇતિહાસથી વાકેફ થયા. આમ શ્રી કૃષ્ણની સમાધી સ્થળ જોઈ ત્યાંથી 1:30 કલાકે નીકળી પોરબંદર જવા રવાના થયા. 3:40 કલાકે પોરબંદર પહોંચ્યા પ્રથમ ચા પી ફ્રેશ થઈ ટિકિટ લઈ ભારતમંદિરમાં નકશા, ચિત્રો, તથા લખાણ રૂપે ઇતિહાસ તાજો કર્યો. ત્યાં ત્રણ કાચ જે ઠીંગણાં, જાડા, પાતળા. એવા ચિત્ર રૂપે આપણું વિચિત્ર પ્રતિબિંબ દેખાય છે. તે નિહાળી બધા ફટાફટ સામે જ તારામંડળ મ્યુઝિયમમાં ગયા ત્યાં એક સાથે બેઠક લઈ સૂર્ય, ચંદ્ર, તારા નક્ષત્રો તથા ક્ષિતિજ વિશેની ચલચિત્રરૂપે સરસ સમજ મેળવી. આકાશ દર્શન દિવસે કરાવ્યાં. ત્યાં ફટાફટ ગાડીમાં બેસી 5:10 કલાકે હર્ષદમાતાએ જવા નીકળ્યા લગભગ 6:00 કલાકે હર્ષદમાતાએ પહોંચી દર્શન કર્યા. એટલામાં શિયાળાના દિવસો હોવાથી અંધારું થઈ ગયું. તેથી ફટાફટ 6:20 કલાકે હર્ષદમાતાએ દર્શન કરી ગાડીમાં બેસી દ્વારકા જવા

લાગ્યો. પણ ભગવાન રણછોડરાયના સરસ દર્શન થયા. દર્શન કરી પરત ધરમશાળામાં ઉતારાની જગ્યાએ પાછા આવ્યા. ત્યાં ચા પીધા પછી સમૂહ બેઠક માટે દ્વારકામાં પધારેલ મહેમાનો લગભગ 250 ધર્મપ્રેમી વ્યક્તિઓની ઉપરના હોલમાં બેઠક મળી. ત્યાં સૌ પ્રથમ લાલજીભાઈ કે પટેલ સાહેબે શૈક્ષણિક, ધાર્મિકતા, સામાજિક સદ્ભાવના, નશામુક્ત સમાજ બને તથા સોશયલ મિડીયાનો જરૂરી ઉપયોગ જેવા મુદ્દાઓ આવરી લઈ તેમની અમૃત વાણીથી સરસ સંબોધન કરી. બધાને શ્રી દ્વારકાધિશની કૃપાથી આપ સૌને દ્વારકાધિશની પવિત્ર ભૂમિમાં મળવાનો લ્હાવો મળ્યો તે બદલ આપ સર્વે ધર્મપ્રેમી વ્યક્તિઓનો ખુબ-ખુબ આભાર... અભિનંદન કરી પોતાનું વક્તવ્ય પૂર્ણ કરી ત્યારબાદ બા.કા. રાવલ સાહેબે ધજા આરોહણ અંતર્ગત બાવન ગજની ધજાનું મહત્વ, તેમાં રહેલા મેઘધનુષ્યના રંગો, તથા ધાર્મિકતાની સમજ આપી. દ્વારકા ધજા આરોહણ કાર્યક્રમમાં આમંત્રણ આપવા બદલ એલ.કે. પટેલસાહેબ નો આભાર માની એમની વાણીને વિરામ આપ્યો. પછી બ્રાહ્મણ દાતાશ્રીઓએ ધજાની પુજા કરી પૂજા બાદ આરતી કરી. પછી તમામ 250 ધર્મપ્રેમી વ્યક્તિઓને તુલસીની માળા લઈ દરેકને ધજાની પૂજા કરાવી. ત્યાં સુધી 11:00 કલાક જેટલો સમય થઈ ગયો હતો. ત્યાર બાદ શ્રી કૃષ્ણ ભગવાનની ધજાને તેમના સાથે લઈ માથે મૂકી લગભગ 11:15 કલાકે બેન્ડ સાથે ધરમશાળાના ચોકમાંથી શ્રી કૃષ્ણ ભગવાનની ધજા સાથે ધીરે-ધીરે આગળ વધતા રહ્યા. આવેલ મહેમાનો પણ દ્વારકાની પવિત્ર ભૂમિમાં મન મુકીને નાચ્યા. ખુદ એલ કે પટેલ સાહેબ પણ ખૂબ આનંદથી રણછોડરાયની પવિત્ર ભૂમિમાં નાચ્યા, જેમ કૃષ્ણ ભગવાને તેમને મળવા માટે આવેલ તેમના મિત્રને ઉઘાડા પગે ચલાવ્યા હતા.

ત્યારે રાઘવજીએ પ્રશ્ન પૂછ્યો હતો. હે પ્રભુ તમારી આટલી બધી સુખ સાહ્યબી સગવડ ધન દોલત તથા પાવર હોવા છતાં તમે સુદામા જેવા ગરીબ તમારા પરમ મિત્રને તમે કેમ ચલાવ્યા. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. સુદામા પવિત્ર બ્રાહ્મણ છે. તેથી તે જે ભૂમિ ઉપરથી ચાલશે તે ભૂમિ પવિત્ર થઈ જશે. માટે હું તેને ચાલતો મોકલું છું. આ પવિત્ર ભૂમિમાં અમોને પણ દાદાશ્રી લાલજીભાઈ પટેલ દ્વારા ભગવાનની પવિત્ર ધજા લઈ ભક્તિમય વાતાવરણમાં તરબોળ થયા. ધન્ય થયા... ધન્ય થયા.....

શ્રી ભગવાનના મંદિરમાં પ્રવેશ કરી પછી અમો બધાએ મંદિરની બ્રાહ્મણ દેવતા સાથે ચાર પ્રદક્ષિણા કરી પછી ધજા આરોહણ માટે થોડા જણા અંબાજી માતાના ગોખ સુધી ગયા. ત્યાં બધાએ દર્શન કર્યા. આગળ ધજા એમના નિયમિત આરોહણ કરનાર વ્યક્તિઓ દ્વારા લઈ જઈ પછી ધજાનું આરોહણ લગભગ 12:00 કલાકે કરવામાં આવ્યું. જે અમોએ મંદિરના ચાચર ચોકમાંથી નિહાળ્યું. પછી ભગવાન શ્રી કૃષ્ણની જયબોલાવી શ્રીફળનો પ્રસાદ લઈ બધા મંદિરમાં ભગવાનના દર્શનકરી. ધરમશાળા તરફ પ્રયાણ કર્યું. ધરમશાળામાં આવી 1:10 કલાકે ભોજનમાં મોતીચુરના લાડુ, બરફી, રોટલી, રીંગણાનું શાક, મિક્સ સબ્જી, દાળ, ભાત, અને લસ્સી જેવી છાસ લીધી. ભોજનબાદ લગભગ 2:30 કલાકે રૂકમણી મંદિરે જવા રવાના થયા. 3:00 કલાકે રૂકમણી મંદિરે પહોંચી કૃષ્ણ ભગવાનની પત્ની રૂકમણીના દર્શન કરી તેમના ઈતિહાસની ઝાંખી ઝલક મહારાજ દ્વારા આપવામાં આવી. જેમાં વિયોગ બ્રાહ્મણ ઋષિના શ્રાપથી થયો હતો તે વિશે જાણ્યું. ત્યાંથી 3:20 કલાકે બેટ દ્વારકા જવા રવાના થયા. 5:00 કલાકે બેટદ્વારકા પહોંચી ટિકીટ લઈ બોટમાં બેસી દરિયાની સફરની મજા માણી. દરિયામાં નાવથી કિનારે

ગયા. તેની મજા બધાને ખૂબ અનેરી લાગી. જેનું વર્ણન શાસ્ત્રોમાં કરવું મુશ્કેલ છે. એવી મજા આવી, બેટ દ્વારકા દર્શન કરવા ગયા ત્યાં ખૂબ ભીડ હતી. ત્યાં દર્શન કરવામાં સમય લાગ્યો. દર્શન કરી પાછા નાવથી પાછા ઓખા દ્વારે આવ્યા, ત્યારે લગભગ 7:00 કલાક થઈ ગયા હતા. ત્યાંથી રીટર્ન નાગેશ્વર જવા નીકળ્યા. લગભગ 9:45 કલાકે નાગેશ્વર મહાદેવે આવ્યા. ત્યાં દર્શન કર્યા. અને શિવની મૂર્તિની પ્રદક્ષિણા કરી. 8:00 કલાકે ત્યાંથી નીકળ્યા અને ભગવતિ બાઈ આશ્રમે જવા રવાના થયા, લગભગ 9:00 કલાકે ત્યાં પહોંચ્યા ખીરણી, બટાકાનું શાક, ખીચડી, કઢીનું ભોજન લઈ લગભગ 9:30 કલાકે લાખણી આવવા રવાના થયા, પ્રવાસના સ્થળો જોવાથી થાક તથા રાત્રિનો સમય હોવાથી બધા લક્ઝરીમાં પોત-પોતાના કેબિનમાં જગ્યા લઈ ગાડીમાં સૂઈ ગયા. સવારે લગભગ 7:00 કલાકે, લાખણી મુકામે શ્રી હુંગળાજ માતાજીના ચોકમાં ઉતર્યા. ત્યાં દાતાશ્રી લાલજીભાઈ કે પટેલ હાજર હતા. તેમણે બિલેશ્વર તથા માન ટ્રાવેલ્સના તમામ પ્રવાસીઓને આવકાર્યા તથા સવારની ઠંડીમાં ગરમા-ગરમ ચા પીવડાવી બધાને રજા કરાવી તમામનો આભાર વ્યક્ત કરી. પ્રવાસની તથા ધર્મ આરાધના કાર્યક્રમની પૂર્ણાહુતિ જાહેર કરી.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો :-

શ્રી. બા. કા. રાવલ સાહેબ, શ્રી ભગવાનસિંહ દરબાર, શ્રી દેવાભાઈ પેપરાલ, શ્રી સુમનજી વજેગઢ, શ્રી પાંચાભાઈ પટેલ રૈયા, શ્રી નાનજીભાઈ પટેલ મડાલ શ્રી ઈશ્વરભાઈ સોની (લેટરૂ) શ્રી પ્રતાપભાઈ ડી. લાખણી શ્રી પદમાભાઈ પટેલ જાલોરા, શ્રી સુરેશભાઈ પટેલ, શ્રી પટેલ અમરાભાઈ, શ્રી ગુલાબસિંહ દરબાર, શ્રી દાનાભાઈ વગેરે નામી-અનામી 250 ધર્મપ્રેમી વ્યક્તિઓએ આ ભવ્ય કાર્યક્રમમાં સહભાગી બની દ્વારકાધીશની પવિત્ર ધરતીમાં હાજરી આપી.

પ્રસંગની શોભા વધારી.

સમાજમાં રહેલા આવા ઉચ્ચ વિચારોના વ્યક્તિથી ધાર્મિકતા વધે, જીવનમાં નવો ઉમંગ, ઉત્સાહ અને જીવન-જીવવાની કળા, ધાર્મિકતા, તેમજ આદર્શ નાગરિક બની શકે તેવા પ્રયત્નો કરનાર દાતાશ્રી સમાજની ક્રાંતિ માટે દિપક સમાન બની રહે આવા ધર્મપ્રેમી દાતાશ્રીઓની ઝોરકા-ઈશ તમામ મનોકામનાઓ પૂર્ણ કરે તેવા શુભેચ્છા.....
શુભેચ્છા..... શુભેચ્છા......

આનંદ એ ઈશ્વરી અંશ છે.



# જય દ્વારકાધીશ

સંયોજક
એલ.કે. પટેલ
મુ.પો.: લાખણી
તા: લાખણી
જિ: બ.કાં.

સંકલન
ડી.એચ. ચૌધરી
પ્રાથમિક શિક્ષક
ભાભરમોટી
દાંતીવાડા